કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, જુલાઈ ૨૦૧૯ | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ





રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિની સામાન્ય સભા ઐતિહાસિક બની

## રાજકોટનું વિદ્યાર્થી ભવન જ્ઞાતિ સંભાળશે : વર્ષો જુના વિવાદનો અંત



## રાજકોટમાં ઉજવાયો ખેલકૂદ અને સાંસ્કૃતિક મહોત્સવ

# શિક્ષણ માટે દીકરીયુનુ પોતીકુ ઘર એટલે...

# શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલય

સ્થાપના તા. ૧-૧૨-૨૦૧૦ રાજકોટ





લાયબ્રેરી/રીડીંગ રૂમ


કોમ્પ્યુટર લેબ


ભોજન કક્ષ


પલંગ


વાલી મીટીંગ રૂમ

## આધુનિક સુવિધાઓની આછેરી ઝલક

- CCTV કેમેરા
- સોલાર સિસ્ટમ
- વોટર કુલર / R.O.
- ફીંગર પ્રિન્ટ હાજરીપત્રક
- ફીંગર પ્રિન્ટ મેઈન ડોર
- મીડીયા રૂમ

G.S.K.C.
૧-૧૨-૨૦૧૦

**Shri Vishvakarma Vidhyaniketan Trust Organized**

## Shri Gurjar Sutar Kanya Chhatralay

"Shanskar Bhavan" Opp. A.V. Jasani School, Gondal Road, Rajkot (Gujarat).

ज्ञानम् परमम् ध्येयम्


• PHONE : (O) 0281 - 2363468 (M) 9825074693 • EMAIL : info@gskc.in • WEB : www.gskc.in


• TRUST REG. NO. : E/9183=30/82011 • 80 G No. : S.A.A.RAJ -III/80 G (5)/47/2012-13/303+10/10/2010

• Punjab National Bank - A/C. No. 3870000100128664 • IFSC Code : PUNB0387000

• TDS NO. : RKTS 08229 E • PAN No. : AAKTS 6731 I • SMS : @gskc (send to) 9243342000

**Note : All Cheques will be Accepted in favour of *"Shri Vishvakarma Vidhyaniketan Trust"***

**Donation is exempted as per rule 80 G (5)**

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-7, Issue No.6
Date : 10-07-2019

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# મા વાત્સલ્ય કાર્ડ કેમ્પ : ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પ્રસંશનીય આયોજન

તબીબી સારવાર દિન પ્રતિદિન મોંઘી થતી જાય છે. તબીબી સારવાર મોટાભાગના ડોક્ટરોએ એટલી મોંઘી બનાવી દીધી છે કે ગરીબ તો શું પણ મધ્યમ વર્ગના લોકોને પણ આજનો તબીબી સારવારનો ખર્ચ પોષાય તેમ નથી. આ બાબતને ધ્યાનમાં લઇ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મા વાત્સલ્ય કાર્ડ યોજના અમલી બનાવી માનવતાલક્ષી કામ કર્યું છે. ત્યારે આ યોજનાનો લોકો આસાનીથી લાભ લે તે માટે મહાનગરપાલિકાની આરોગ્ય શાખા વિવિધ જ્ઞાતિ-સંસ્થાઓની સાથે રહીને મા વાત્સલય કાર્ડ આપવા માટે કેમ્પો કરી કેમ્પ દ્વારા આસાનીથી લોકોને આ વાત્સલ્ય કાર્ડ આપવામાં આવી રહયા છે. તાજેતરમાં ગુર્જર સુથાર જ્ઞાતિ અને રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વકર્મા પ્રભુજી મંદિરે મા વાત્સલ્ય કાર્ડ વિતરણનો કાર્યક્રમ થયો. જેમાં ૨૯૦ જેટલા લોકોને કાર્ડ અપાવ્યા. આ કાર્ડની કિંમત ૮ કરોડ ૭૦ લાખ થવા જાય છે. કેમ્પનું આયોજન કરીને લોકોને આસાનીથી મા વાત્સલ્ય કાર્ડ એનાયત કરવાનું આ કામ બિરદાવવા લાયક છે. અને આ માટે ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને તેની કારોબારીની ટીમ અધ્યક્ષ જગુભાઇ ભારદીયા અને ટ્રસ્ટી મંડળ અને કોર્પો.ના આરોગ્ય સમિતિના ચેરમેન જયમીન ઉપાધ્યાય યશના અધિકારી છે.

હજુ વધુ કેમ્પ દ્વારા વધુમાં વધુ પરિવારને આ કાર્ડ મળે તેવું પણ આયોજન છે જે પણ આવકાર દાયક છે.

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિની જેમ પ્રત્યેક શહેરના સમાજોએ આવુ આયોજન કરીને સમાજની અનેરી સેવા કરવી જોઇએ.



◆ પ્રવિણ ગજ્જર

**મુખપૃષ્ઠ તસવીરો : પ્રવીણ ગજ્જર**

### ગુર્જર સુતાર જ્ઞાતિની સામાન્ય સભામાં ઠરાવ

# વિદ્યાર્થી ભવનનું સંચાલન ગુર્જર સુતાર જ્ઞાતિ કરશે

## રકતદાન શિબિરમા ૨૦૦ બોટલનું રકતદાન : જ્ઞાતિ દ્વારા વિવિધ કાર્યોની જાહેરાત

- જયંતીભાઇ નગેવાડિયા





ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટની સામાન્ય સભા તા. ૩૦-૦૬-૧૯ રવિવારે સાજે ૭ કલાકે દિવાનપરામા આવેલ વિશ્વકર્મા મદિરના સત્સંગ હોલમા જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ. આજ દિવસે જ્ઞાતિ તરફથી ૬ઠ્ઠી રકતદાન શિબિરનુ આયોજન કરવામાં આવેલ. આ સભામાં વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં સેવા આપનાર જુદી જુદી સમિતિનાં કાર્યકરોને સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ.

સામાન્ય સભાના પ્રારંભમાં આપણા સમાજનાં મૃતકોના આત્માના શાંતિ અર્થે ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો તથા હોદેદારોએ એક મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી હતી.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતા જ્ઞાતિના અધ્યક્ષ જગુભાઇ ભારદીયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે જ્ઞાતિજનોએ અમારી ટીમ ઉપર વિશ્વાસ મુકયો છે તે અમો નિભાવશું. એકતાની શકિતને બિરદાવો. સમાજને જોડવાનું કામ કરો. આજે સમાજને ઉપયોગી થાય તેવા કાર્ય કરવા પડશે. સમાજની સેવાનો લાભ તો ભાગ્યશાળી ને જ મળે. શ્રમદાન, ધનદાન આપનાર દાતાઓને ધન્યવાદ. હોદાની સતાતો વ્યવસ્થાનો એક ભાગ છે. કોઇપણ જ્ઞાતિનો વહીવટ આર્થિક સ્થિતિ આધારીત હોય છે. જ્ઞાતિનો હિસાબ પારદર્શક છે. સમાજને કોઇ પ્રશ્ન હશે તો અમો જવાબ આપશું.

બાદમાં મંત્રી શ્રી પ્રદીપભાઇ કરગથરાએ ગત મિટીંગની મિનિટસ બુકનું વાંચન કર્યું હતું અને ઉપસ્થિત જ્ઞાતિજનોએ બહાલી આપી હતી. બાદમાં ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયાએ વર્ષ ૨૦૧૮-૧૯નો ઓડિટ રીપોર્ટ રજુ કર્યો હતો. તેમજ વર્ષ ૨૦૧૯-૨૦નું સુચિત બજેટ રજુ કર્યું હતું. અને હાલનાં ઓડીટર પ્રશાંતભાઇ પંચાસરાની ફરી નિમણુંક (રીન્યુ) કરવા બાબતને જ્ઞાતિજનોએ બહાલી આપી હતી.

બાદમાં ગત વિશ્વકર્મા જયંતીની દિવસે વિશ્વકર્મા જયંતી ઉજવણી, સમુહ લગ્ન, શોભાયાત્રા તથા જ્ઞાતિ સમુહભોજનમાં સેવા આપનાર વિવિધ સમિતિનાં કાર્યકરોને સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ (૧) મંદિર વ્યવસ્થા સમિતિ : ચેતનભાઇ સાંકડેચા, નવીનભાઇ પાટડીયા તથા અશોકભાઇ ને અધ્યક્ષ જગુભાઇ ભારદીયાના હસ્તે (૨) રથયાત્રા સમિતિ :ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, સંચાણિયા પરિવાર, નિલેશભાઇ છનિયારા તથા જયદીપભાઇ પંચાસરા ને રસીકભાઇ બદ્રકિયાના હસ્તે (૩) સમુહ લગ્ન સમિતિ : અંજલી ગ્રુપ તથા મહિલા ધુન મંડળ તથા ગુર્જર સુતાર પ્રગતિ મંડળને ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, મગનભાઇ બોરાણીયા તથા હરેશભાઇ વડગામાના હસ્તે (૪) બ્લડ ડોનેશન સમિતિ મુકેશભાઇ પંચાસરાને મંત્રી શ્રી પ્રદીપભાઇ કરગથરાના હસ્તે (૫) સ્ટેજ વ્યવસ્થા સમિતિ : રમણીકભાઇ પાટણવાડિયાને શાંતિભાઇ સાંકડેચાના હસ્તે (૬) રસોડા સમિતિ : જનકભાઇ વડગામા, નિલેશભાઇ આમરણીયા તથા વડગામા પરિવારને ગોરધનભાઇ ચાંપાનેરાના હસ્તે (૭) ગ્રાઉન્ડ મંડપ સમિતિ : ચમનભાઇ ગોવિંદીયા તથા મહેશભાઇ વડગામાને અરવિંદભાઇ ત્રેટીયાના હસ્તે (૮) પાર્કિંગ સમિતિ : ઉમંગભાઇ બકરાણિયા તથા ગીરીશભાઇ વઘાડિયાને કિશોરભાઇ અંબાસણાના હસ્તે (૯) બેનર સમિતિ : રવિભાઇ કુંવારદીયાને નટુભાઇ જાદવાણીના હસ્તે (૧૦) ઇલેકટ્રીક સમિતિ : પ્રવીણભાઇ ધ્રાંગધરીયાને કિરીટભાઇ જોલાપરાના હસ્તે (૧૧) છાશ-પાણી સમિતિ : સાંકડેચા પરિવારને દિલીપભાઇ પંચાસરા તથા હરકાંતભાઇ વડગામાના હસ્તે તથા (૧૨) ઇમરજન્સી સમિતિ : શૈલેષભાઇ ખંભાયતાને મનહરભાઇ કરગથરાના હસ્તે સન્માન પત્ર અર્પણ





કરાયા હતા.

આ પ્રસંગે સભાના અધ્યક્ષ સ્થાનેથી જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ જણાવ્યું હતું કે, અમો જ્ઞાતિને ગૌરવ થાય તેવો પારદર્શક વહીવટ કરીએ છીએ, હું અહીં નિયમિત હાજરી આપું છું. અમો અહીં વિશ્વકર્મા જયંતી સહિતના ધાર્મિક ઉત્સવો હનુમાન જયંતી, નવરાત્રી મહોત્સવ, ગણપતિ મહોત્સવ, ૧૦૮ રાંદલના લોટ, રથયાત્રા, જ્ઞાતિ સમુહ ભોજન તથા સમુહ લગ્ન જેવા સામાજીક ધાર્મિક કાર્યક્રમો ઉત્સાહપૂર્વક ઉજવણીએ છીએ અને જ્ઞાતિજનો પણ તેમાં જોડાય છે. દર અમાસની ઉજવણી ધ્વજારોહણથી કરીએ છીએ. અમો ચાનાં દાતા તથા દિવાબતી માટે ઘીનાં દાતા ગોતીને મંદિરનાં ખર્ચ ઘટાડવાના પ્રયત્નો કરીએ છીએ. ઉપરાંત જ્ઞાતિજનોને સારા માઠા સમાચાર માટે એસએમએસની સુવિધા જરૂરીયાતમંદને નિરાશ્રીત સહાય, આદર્શ લગ્ન પણ કરાવવામાં આવેલ છે. વર્ષોથી બાકી રહેલ ૧૨એ સર્ટીફીકેટ પણ મેળવેલ છે. દાતાઓએ આપેલ દાનનો અમો એ કરેલ પારદર્શક વહીવટને કારણે અમોએ ૨૦૧૭માં ૧૧ લાખ, ૨૦૧૮માં ૨૧ લાખ તથા ૨૦૧૯માં ૨૮ લાખ મળી કુલ રૂા. ૧.૩૫ કરોડની એફ.ડી. બેન્કમાં કરેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વકર્મા એજયુ. ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળનાં ઉપરનાં માળે ચાલતા કુમાર છાત્રાલયનો વિવાદ હતો તેનો ગુર્જર સુતાર જ્ઞાતિએ મધ્યસ્થી સ્વીકારી ઉકેલી લીધો છે. કુમાર છાત્રાલયનાં દરેક ટ્રસ્ટીઓએ સહકાર આપેલછે. સંસ્થાપક સુર્યકાંતભાઇ વડગામાએ રાજીખુશીથી કુમાર છાત્રાલય જ્ઞાતિને પરત સોંપવાની જાહેરાત કરેલ છે. આ કાર્યમાં રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ-કારોબારી સભ્યોનો પુરો સહકાર આપેલ છે. તા. ૧-૭-૧૯થી ગુર્જર સુતાર જ્ઞાતિ આ કુમાર છાત્રાલયનો વહીવટ સંભાળશે. વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ તથા વિશ્વકર્મા એજયુ. ફાઉન્ડેશન ટ્રસ્ટ વચ્ચેનાં કોર્ટ કેસનું સમાધાન કરાવવામાં ગુર્જર સુતાર જ્ઞાતિ મધ્યસ્થી રહેશે. આ જાહેરાતને ઉપસ્થિત જ્ઞાતિજનોએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. આટલા વર્ષોથી કુમાર છાત્રાલયનું સંચાલન કરનાર સુર્યકાંતભાઇ વડગામાનું ગુર્જર સુતાર જ્ઞાતિ વતી રસીકભાઇ બદ્રકિયા તથા જગુભાઇ ભારદીયા તથાતેમની ટીમ તેમજ વિશ્વકર્મા કેળવણી મંડળ ટ્રસ્ટી ભરતભાઇ ખારેચા, વિનયભાઇ તલસાણિયા વગેરે, હોદેદારોએ સાફો પહેરાવી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ અને સૌના મીઠા મોઢા કરાવવામાં આવ્યા હતા.

રસીકભાઇએ વધુમાં જણાવ્યું હતું કે જ્ઞાતિ દ્વારા વખતોવખત રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે અને જ્ઞાતિજનોને જરૂરીયાત વખતે વિનામુલ્યે પુરુ પાડવામાં આવે છે. મુખ્યમંત્રી વાત્સલ્ય કાર્ડનાં બે કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૬૦૦ જેટલા જ્ઞાતિજનોને વાત્સલ્ય કાર્ડ અપાયા છે. હવે પછી કોઇપણ પરિવારને સ્નેહમિલનનું આયોજન કરવા માટે મંદિરની જગ્યા વિનામુલ્યે આપવામાં આવશે. તેમજ ૨૭ વર્ષથી ટ્રસ્ટી મંડળના નામ ચેરીટી કમિશનરમાં ચડેલ ન હતાં તે ફેરફાર રીપોર્ટ રજુ કરેલ ન હતાં તે અમોએ બે વર્ષથી જરૂરી કાર્યવાહી કરી અત્યારની કમિટીના નામ ચેરીટીમાં ચડાવેલ છે. વધુમાં જણાવ્યું હતું કે, હાલના આ મંદિરની જગ્યા નાની પડે છે તેથી શહેરમાં કે આજુબાજુમાં નવી જગ્યા લેવાનું વિચારેલ છે અને એ માટેના પ્રયત્નો શરૂ કરેલ છે. મંદિરની ઉપરની ભાગની ઓફિસનું રીનોવેશન કરવાની તેમજ બહારગામથી મેડીકલનાં કામકાજ માટે આવતા જ્ઞાતિજનો માટે મંદિરની અગાસીનાં ભાગે રૂમનું બાંધકામ કરી ટોકનદરે આપવાનું વિચારેલ છે. ભુતપૂર્વ પ્રમુખ સ્વ. હસમુખભાઇ શંખલપરાની નવ લાખની રકમ અંગે શું કરવું ? તે બાબતે જણાવ્યું કે ચેરીટી કમિશનરની સલાહસુચન મુજબજો માંડવાળ થતું હોય તો માંડવાળ કરવા અંગે તેમજ ઉપરની દરેક બાબતે જ્ઞાતિજનોએ સહમતી દર્શાવી હતી.

આ સભામાં પ્રવીણભાઇ અઘેરાએ અગાઉના વર્ષમાં દાતાઓએ જે કામ માટે દાન આપેલ તેની તકતી લગાડવાનું કોઇ કામ હજુ સુધી થયું નથી તેવી રજુઆત કરી દાતાઓની યાદી આપી હતી. આ બાબતે પ્રમુખશ્રી રસીકભાઇ બદ્રકિયાએ આ બાબતે યોગ્ય કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. સભાના અંતે આભારવિધિ મંત્રી શ્રી પ્રદીપભાઇ કરગથરાએ કરી હતી.

આ સભામાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપરાંત વિવિધ સંસ્થાના હોદેદારો, મહિલા સંસ્થાઓના હોદેદારો વગેરે ઉપસ્થિત રહયા હતા. અંતમાં ઉપસ્થિત સૌએ ભોજન લીધેલ. આ ભોજનના દાતા જગદીશભાઇ સોંડાગર, હરેશભાઇ વડગામા, મગનભાઇ બોરાણીયા, ભરતભાઇ ખારેચા, રસીકભાઇ બદ્રકિયા, કાંતિભાઇ તલસાણિયા, અરવિંદભાઇ ત્રેટીયા, પ્રદીપભાઇ કરગથરા, હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ અંબાસણા, ધનજીભાઇ પંચાસરા તેમજ મિતેષભાઇ ધ્રાંગધરિયા રહયા હતા. આ સામાન્ય સભા, રકતદાન શિબિર તથા ભોજન વ્યવસ્થા માટે જ્ઞાતિનાં અધ્યક્ષ જગુભાઇ ભારદીયા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ હરેશભાઇ વડગામા, ભરતભાઇ ખારેચા, મગનભાઇ બોરાણીયા તેમજ પ્રમુખશ્રી રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, સહમંત્રી ગોરધનભાઇ ચાંપાનેરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, કારોબારી સભ્યો કિશોરભાઇ અંબાસણા, નટુભાઇ જાદવાણી, હર્ષદભાઇ બકરાણિયા, કિરીટભાઇ જોલાપરા, હરીભાઇ સીનરોજા, દિનેશભાઇ ઝીંઝુવાડીયા, શાંતિભાઇ સાંકડેચા તથા મિતેષભાઇ ધ્રાંગધરિયાએ જહેમત ઉઠાવી હતી. સભાનું સંચાલન રમણીકભાઇ પાટણવાડિયાએ કર્યું હતું.

# રકતદાન શિબિરમાં ૨૦૦ બોટલનું રકતદાન



ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા તા. ૩૦-૦૬-૨૦૧૯ રવિવાર બપોરે ૪ થી રાત્રીના ૯.૩૦ કલાક સુધી વિશ્વકર્મા મંદિરના હોલમાં રેડક્રોસ બ્લડ બેંકના સહયોગથી છઠ્ઠી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે જ્ઞાતિના અધ્યક્ષ જગુભાઇ ભારદીયા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર તથા ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, ભુતપૂર્વ હોદેદારો તથા અગ્રણીઓ તેમજ અમુભાઇ ભારદીયાના હસ્તે દીપ પ્રાગટય કરી રકતદાન શિબિરનો પ્રારંભ કરવામાં આવેલ. આ રકતદાન શિબિરમાં મોટી સંખ્યામા રકતદાતાઓ રકતદાન કરેલ અને ૨૦૦ બોટલનું રકતદાન થયેલ. દરેક રકતદાઓને સ્મૃતિભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ. રકતદાન કેમ્પની વ્યવસ્થા મુકેશભાઇ પંચાસરા સહિતના પંચાસરા પરિવારે સંભાળી હતી.

# ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા યોજાયેલ મા વાત્સલ્ય કાર્ડ કેમ્પમાં ૨૯૦ કાર્ડનું વિતરણ








ગુર્જર સુતાર જ્ઞાતિના છેવાડાના માનવીને પણ આરોગ્યની સુવિધા મળી રહે તેવા હેતુસર જરૂરીયાતવાળા જ્ઞાતિજનોને આસાનીથી વાત્સલ્ય કાર્ડ મળી રહે તે માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિ અને ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે યોજાયેલા આ કેમ્પમાં ૨૯૦ જેટલા જ્ઞાતિજનોને વાત્સલ્ય કાર્ડ એનાયત કરવાના આ કાર્યક્રમનું ઉદઘાટન જાણીતા તબીબ ડો. એસ.ટી. હેમાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, કોર્પો.ના સમાજ કલ્યાણ અને આરોગ્ય ખાતાના ચેરમેન જયમીન ઉપાધ્યાય, ભાજપના હોદેદારો ઉપરાંત જ્ઞાતિના અધ્યક્ષ જગુભાઇ ભારદીયા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા.

ઉદઘાટન બાદ પ્રાસંગીક વકતવ્યમાં ડો. હેમાણીએ, વાત્સલ્ય કાર્ડ યોજના માટે મુખ્યમંત્રી વિજયભાઇરૂ પાણીને અભિનંદન આપવાની સાથોસાથ જે લોકોને આ કાર્ડ આપવામાં આવે તેની









પાસેથી વ્યસનમુકિતના સોગંદ લેવડાવી વાત્સલ્ય કાર્ડના ઉપયોગ કરવાની સાથે નિર્વ્યસની બને તેવું આયોજન કરવું જોઇએ.

આરોગ્ય અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન જયમીન ઉપાધ્યાયે મા વાત્સલ્ય કાર્ડ યોજના બનાવી નાના માણસને ઘણા સારામાં સારી આરોગ્ય સારવાર મળી રહે તેવું આયોજન કરવા બદલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. સાથોસાથ જ્ઞાતિજનોને સહેલાઇથી આ કાર્ડ મળી રહે તે માટે કેમ્પ કરવા બદલ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમને અભિનંદન આપ્યા હતા.

ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલે જણાવ્યું હતું કે, આજે તબિબિ સારવાર દિન પ્રતિદિન મોંઘી થતી જાય છે. ત્યારે નાનામાં નાના માણસને પણ અદ્યતન સારવાર મા વાત્સલ્ય કાર્ડ દ્વારા મળી રહે છે. આ કાર્ડ જરૂરીયાત વાળા તમામને પહોંચે તે માટે કેમ્પ કરવા બદલ જ્ઞાતિના હોદેદારોને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ અમુભાઇ ભારદીયાએ જરૂરીયાતવાળાને સહેલાઇથી મા વાત્સલ્ય કેમ્પ દ્વારા કાર્ડ મળે તેવા આયોજન માટે ખાસ અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે ભાજપના પૂર્વ પ્રમુખ ભીખાભાઇ વસોયા, ડે. મેયર અશ્વિનભાઇ મોલીયા, શાસકપક્ષના નેતા હસમુખભાઇ ભગાણી, દંડક અજયભાઇ પરમાર, મહામંત્રી જીતુભાઇ કોઠારી, દેવાંગભાઇ માંકડ, કિશોરભાઇ રાઠોડ, કોર્પોરેટર હીરલબેન મહેતા, ભાજપ ઉપપ્રમુખ મનિષ ભટ્ટ, કોષાધ્યક્ષ અનિલભાઇ પારેખ, વોર્ડ નં. ૭ના પ્રભારી સુરેન્દ્રસિંહ વાળા, બોર્ડ મહામંત્રી રમેશભાઇ પંડયા, કિરીટભાઇ ગોહીલ વગેરે ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંચાલન રમણીકભાઇ પાટણવાડીયાએ અને આભારદર્શન પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનભુાવો તેમજ ટ્રસ્ટી મંડળ કારોબારી સદસ્યો અને જ્ઞાતિના આગેવાનોના હસ્તે મા વાત્સલ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આયોજન માટે પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, કારોબારી સભ્યો, અધ્યક્ષ જગુભાઇ ભારદીયા અને ટ્રસ્ટી મંડળે અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.



# રાજકોટમાં કેળવણી મંડળ દ્વારા ઉજવાયો ખેલકુદ અને લલિતકલા મહોત્સવ



રાજકોટના ૭/૧૦ ભકિતનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલ શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ ૨૮/૫ થી ૧/૬ દરમ્યાન ૪૫માં ખેલકુદ અને લલિતકલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પાંચ દિવસ ચાલેલા આ ઉત્સવમાં દરરોજ વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમ માણવા દરરોજ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

તા. ૨૮ના રોજ ખેલકુદ અને લલિતકલા ઉત્સવનો પ્રારંભ ચેસ-કેરમ અને ટેબલ ટેનીસ ટુર્નામેન્ટથી થયો હતો. આ કાર્યક્રમના સ્પોન્સર અને મુખ્ય મહેમાન તરીકે ન્યુ સુપર એન્જિ. વર્કસવાળા પ્રાણલાલ ડી. વાલંભિયા ઉપસ્થિત રહયા હતા.

બુધવાર તા. ૨૯ના રોજ મેદાનની રમતો રમાડાઇ હતી. જેમાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના સ્પોન્સર અને મુખ્ય મહેમાન તરીકે વિકાસ વુડવાળા કિશોરભાઇ એમ. અંબાસણા ઉપસ્થિત રહયા હતા.

તા. ૩૦ના રોજ જુના-નવા ફિલ્મી ગીતોનો મ્યુઝીકલ કાર્યક્રમ સંગીત સંધ્યા યોજાયોહતો. કાર્યક્રમના સ્પોન્સર અને મુખ્ય મહેમાન તરીકે માર્સ ગેમ્સ મેન્યુફેકચર્સવાળા શ્રી નિલેશભાઇ ડી. ભારદીયા ઉપસ્થિત રહયા હતા.

સંગીત સંધ્યા કાર્યક્રમ માટે ગાયક કલાકારોને કમલેશભાઇ ભારદીયાએ બે મહિના પ્રેકટીસ કરાવી હતી. ૧૨ જેટલા કલાકારોએ પ્રેકટીસ કર્યા બાદ રજુ કરેલ જુના નવા ફિલ્મી ગીતોમાંથી સૌ રસતરબોળ થયા હતા.

કલાકારો પૈકીના ધાર્મી જમનાપરા, વિશાખા સીનરોજા, હેતવી અઘારા, જેવા લેડીઝ આર્ટીસ્ટોએ તો પ્રથમવાર જ સ્ટેજ ગાયું હોવા છતાં સુંદર પરફોર્મન્સ આપ્યું હતુ. નરેન્દ્રભાઇ બદ્રકિયા, મનદીપ આમરણીયા, મનીષ જમનાપરા, હરેશભાઇ ગોરેચા જેવા કલાકારો પૈકીના મોટાભાગનાએ પ્રથમવાર જ સ્ટેજ પર ગાયું હોવા છતાં ગીતોની સુંદર રજુઆત થઇ હતી. ઇનોવેટીવ મોલ્ડવાળા સુનીલભાઇ સીનરોજા અને પ્રફુલભાઇ ઘોરેચા જેવા ઇન્ડસ્ટ્રીયાલીસ્ટોએ પણ ગીતોની સુંદર રજુઆત કરી હતી.



















ટ્રસ્ટી અરવિંદભાઇ ત્રેટીયા અને કારોબારી સભ્ય જનકભાઇ વડગામાએ પણ ગીતો રજુ કર્યા હતા. મુખ્ય મહેમાન નિલેશભાઇએ પણ કાર્યક્રમના અને ગીતો રજુ કર્યા હતા.









કી-બોર્ડ પર વાંકાનેરના બીપીનભાઇ મકવાણા, ઓકટોપેડ પર દીપક જોષી, તબલા પર દિપકભાઇ ત્રિવેદી, કોંગો પર પારસ વાઘેલા, સાઇડ રીધમ પર રીધમ ભટ્ટે પોતાની સંગીત કલા રજુ કરી હતી.

૩૧મીના રોજ બુગી વુગી કાર્યક્રમમાં નાના-મોટા ૬૦ જેટલા બાળકોએ પોતાની કલા રજુ કરી હતી. મુખ્ય મહેમાન અને સ્પોન્સર તરીકે બોનીટેક એન્જિ. અને હસમુખ એન્ડ બ્રધર્સવાળા, રીતેશભાઇ ધ્રાંગધરીયા ઉપસ્થિત રહયા હતા. તા. ૧ના રોજ આર્કટિક અનિલભાઇ વડગામાના મુખ્ય મહેમાનપદે તેની જ સ્પોન્સરશીપ દ્વારા સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દરરોજના મુખ્ય મહેમાન અને સ્પોન્સરનો પરિચય આપી ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો દ્વારા સન્માન કરવામાં આવતું હતું. કાર્યક્રમનું સંચાલન કિશોરભાઇ બદ્રકિયા, કમલેશભાઇ ભારદીયા, નટુભાઇ ભારદીયાએ કર્યું હતું.

ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, કેળવણી મંડળના કાર્યકરી અધ્યક્ષ ભરતભાઇ ખારેચા, ટ્રસ્ટીઓ જ્ઞાતિના હોદેદારો-કારોબારી સભ્યો, અન્ય સંસ્થાના હોદેદારોએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમ માણ્યો હતો.

પ્રમુખ ચમનભાઇ ગોવિંદીયા, મંત્રી નટુભાઇ ભારદીયા, ઉત્સવ કમિટીના ક્ન્વીનરો કમલેશભાઇ ભારદીયા અને ચંદ્રેશભાઇ ખંભાયતા તેમજ ઉત્સવ સમિતિના સભ્યો કિશોરભાઇ જી. બદ્રકિયા, પ્રમોદભાઇ ડી. બદ્રકિયા, અનિલભાઇ એલ. સાંકડેચા, નરેન્દ્રભાઇ એન. ધ્રાંગધરિયા, અશ્વિનભાઇ આર. આમરણીયા, વસંતભાઇ એલ. ભેસાણિયા, શૈલેષભાઇ વી. ખંભાયતા, કમલેશભાઇ આર. અંબાસણા, જયેશભાઇ કે. વાલંભિયા, અજય વી. દુદકીયા, દિવ્યેશભાઇ બી. ધ્રાંગધરિયા, પરાગભાઇ એમ. વડગામા, હર્ષદભાઇ બકરાણીયા, પ્રવીણભાઇ ધ્રાંગધરીયા, ધર્મેશભાઇ ડી. ઘોરેચા, કલ્પેશભાઇ એન. વાડેસા, કવિલભાઇ આર. ગોવિંદીયા, અમિતભાઇ ડી. વડગામા, નિલેશભાઇ અંબાસણા, સચીનભાઇ નગેવાડિયા, અમિતભાઇ નગેવાડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# કિનલ સંચાણિયાને ચાર્ટર્ડ એકા. બનવું છે



કોઠારીયામાં રિદ્ધિ-સિદ્ધિ પ્લાસ્ટીકના નામથી વ્યવસાય કરતા અને પીપળીયા હોલ પાસે ન્યુ. રામેશ્વર સોસાયટીમાં રહેતા ચીમનભાઇ અને અવનીબેન સંચાણિયાની પુત્રી કિનલે એચએસસીમાં ૯૯.૬૪ પીઆર મેળવવાની શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી સંચાણિયા પરિવારનું ગૌરવ વધાર્યું છે.



કિનલની ઇચ્છા કોમર્સ ગ્રેજ્યુએટ થવાની સાથે ચાર્ટર્ડ એકાઉન્ટ થવાની છે. ઉચ્ચ અભ્યાસ માટે એમ. જે. કુંડલિયા કોલેજમાં પ્રવેશ લઇ આગળનો અભ્યાસ શરૂ કર્યો છે અને સીએ માટે પતંજલી ઇન્સ્ટીટ્યુટમાં પણ કલાસીસ શરૂ કર્યો છે.

કિનલને પેઇન્ટીંગનો શોખ છે. પોતાના ઘરને પણ પેઇન્ટીંગ દ્વારા અનેરૂ રૂપ આપ્યું છે. ડ્રોઇંગમાં પણ તેમને ખુબ જ રસ છે. ડ્રોઇંગની સ્પર્ધામાં બે સર્ટીફીકેટ પણ તે મેળવી ચુકી છે.

# ગોપીકા વડગામાને સાયન્ટીસ્ટ બનવું છે




કડવીબાઇ વિરાણી કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરીને હિતેશભાઇ અને નીરૂબેન વડગામાની પુત્રી ગોપીકાએ એસએસસીમાં ૯૯.૯૮ પીઆર સાથે એ-૧ ગ્રેડ મેળવવાની અનેરી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે.



ગોપીકાએ વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં બી.એસસી., એમ.એસસી. કરીને સાયન્ટીસ્ટ અથવા પ્રોફેસર બનવાની ઇચ્છા વ્યકત કરી હતી. ગોપીકાએ એસએસસીમાં ઉચ્ચ ગુણ મેળવ્યા બાદ પાઠક સ્કુલમાં ૧૧માં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ગોપીકાને લખવાનું પસંદ છે. તે નિયમિત ડાયરી લખવાનું ચુકતી નથી. વાંચવાના શોખ ઉપરાંત વાંસળી વગાડવાનો પણ શોખ છે અને હાર્મોનિયમ પણ શીખી લીધું છે.

# ભકિત ભાડેશિયાને સીએ થવું છે



રાજકોટમાં ફર્નીચરનું કામ કરતા અને કોઠારીયા રોડ પર હરી ધવા રોડ પર આવેલ કિરણ સોસાયટી શેરી નં. ૧૨માં રહેતા અતુલભાઇ અને બીનાબેન ભાડેશીયાની પુત્રી ભકિતએ કડવીબાઇ વિરાણી હાઇસ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૯.૧૧ પીઆર મેળવી ભાડેશીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે. ભકિતને ચાર્ટર્ડ એકાઉન્ટ થવાની ઇચ્છા છે. અને આ માટે ૧૧માં કોમર્સ લઇ કડવીબાઇ વિરાણીમા જ આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ભકિતને અભ્યાસ ઉપરાંત ગાવાનો પણ શોખ છે.



# તુલસી અખિયાણીયાને બેકીંગ ક્ષેત્રે આગળ વધવું છે





રાજકોટના કોઠારીયા રીંગ રોડ પાસે આવેલા રિદ્ધિ-સિદ્ધિ સોસાયટી શેરી નં. ૨માં રહેતા લીનાબેન વિજયભાઇ ગજજર (અખિયાણિયા)ની પુત્રી તુલસીએ અંકુર વિદ્યાલયમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૧.૦૩ પીઆર મેળવ્યા છે અને આગળના અભ્યાસ માટે આજ સ્કુલમાં એડમીશન લીધું છે.

પારીવારીક સમસ્યા હોવા છતાં સંજોગો સામે ઝઝુમીને લીનાબેન તથા પુત્ર-પુત્રી સાથે છેલ્લા પાંચ વર્ષથી રાજકોટમાં એકલા રહે છે. એટલું જ નહીં પરંતુ પોતાની પુત્રીને ઉચ્ચ અભ્યાસ કરાવવા લીનાબેન પોતાને ઘેર મોતીકામ કરે છે.લીનાબેનના પુત્ર દિપકે પણ આર્થિક મુશ્કેલીને કારણે અભ્યાસ છોડી દીધો અને હાલ કારખાનામાં કામ કરવાની સાથે બેનના ઉચ્ચ અભ્યાસના ખર્ચને પહોંચી વળવા ગોલાની રેકડીમાં વધારાના સમયમાં કામ કરી પુરક આવક મેળવે છે.તુલસીની ઇચ્છા ગ્રેજયુએટ થઇને બેકીંગ ક્ષેત્રે આગળ વધવાની છે. તુલસીના અભ્યાસ માટે અંકુર વિદ્યાલયના આચાર્ય હીનાબેન પણ અંગત રસ લઇ રહયા છે.

# ઉર્વશી ભાડેશીયાને સીએ થવું છે



રાજકોટના ગોકુલધામ પાછળના વિસ્તારમાં હરસિદ્ધિ એન્જિનિયરીંગ વર્કસના નામથી વ્યવસાય કરતા અને ગુરૂપ્રસાદ ચોકમાં દ્વારકેશ પાર્કમાં રહેતા હરેશભાઇ અને મનીષાબેન ભાડેશીયાની પુત્રી ઉર્વશીએ એચએસસીમા ૯૮.૩૨ પીઆર મેળવી સમાજમાં પરિવારનું નામ રોશન કર્યું છે.

ઉર્વશીની ઇચ્છા સીએ થવાની છે. અને આ માટે કોમર્સ ગ્રેજયુએટ થવા કુંડલીયા કોલેજમાં બી.કોમ.માં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.ઉર્વશીના માતા મનિષાબેન અરવિંદભાઇ મણીયાર પ્રાથમિક શાળા નં. ૬૧માં શિક્ષકા છે.ઉર્વશીને અભ્યાસ ઉપરાંત આર્ટ એન્ડ ક્રાફટનો પણ શોખ છે અને આર્ટ અને ક્રાફટની વિવિધ આઇટમ બનાવી તેનું વેચાણ પણ કરે છે.



# હેમાંગી ખંભાયતાને સિવિલ ઇજનેર થવું છે



અગરબતીની ફેકટરીમાં કામ કરતા અને આજી ડેમ પાસે આવેલ તુલસીપાર્કમાં રહેતા પ્રફુલભાઇ અને પુજાબેન ખંભાયતાની પુત્રી હેમાંગીએ પેડક રોડ પરની સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૮ પીઆર મેળવ્યા છે.

હેમાંગીએ વિશ્વકર્મા વિશ્વની મુલાકાત દરમ્યાન સિવિલ એન્જિનિયર બનવાની ઇચ્છા વ્યકત કરી હતી. એસએસસીમાં ૯૮ પીઆર મેળવ્યા બાદ તેમણે સ્કુલ ઓફ સાયન્સમાં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

હેમાંગીને ગાવાનો શોખ છે. તેમજ ડાન્સીંગનો પણ શોખ તેમણે કેળવ્યો છે.




# મોરબીની પંકિત ધ્રાંગધરિયાની આઇએએસ ઓફીસર બનવું છે




મોરબીમાં લાતી પ્લોટ-૬માં મયુર ફર્નીચરના નામથી ફર્નીચરનો વ્યવસાય કરતા અને શનાળા રોડ પર રહેતા આશિષભાઇ અને પારૂલબેન ધ્રાંગધરીયાની પુત્રી પંકિતે એચએસસીમાં ૯૭.૧૯ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

પંકિતની ઇચ્છા કોમર્સ ગ્રેજયુએશન કરી આઇએએસ ઓફીસર બનવાની છે.



પંકિતે આગળના અભ્યાસ માટે મોરબીની પી.જી. પટેલ કોલેજમાં ઇંગ્લીશ મીડિયમમાં બી.કોમ.નો પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કરી દીધો છે.પંકિતે ઉચ્ચ ગુણ મેળવતા સમાજના આગેવાનોએ તેમને અભિનંદન આપ્યા છે.

# ચાર્મી શુદ્રાને કોમર્સમાં બેકીંગ ક્ષેત્રે આગળ વધવું છે



રાજકોટની જયોતિ સીએનસીમાં પેટર્ન મેકર તરીકે કામ કરતા અને સ્વામીનારાયથણ નગર-૩ ગોકુલધામ પાસે રહેતા નીતિનભાઇ અને ચાંદનીબેન શુદ્રાની પુત્રી ચાર્મીએ અંકુર વિદ્યાલયમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૬.૩૦ પીઆર મેળવવાની અનેરી સિદ્ધિ મેળવી છે.



ચાર્મીની ઇચ્છા કોમર્સ ગ્રેજયુએટ થઇને બેકીંગ ક્ષેત્રે આગળ વધવાની હોવાથી ૧૧માં ધોરણમાં કોમર્સ લાઇન લીધી છે. અને અંકુર વિદ્યાલયમાં જ આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

ચાર્મીને વાંચનનો પણ શોખ છે અને ડાન્સીંગનો પણ શોખ છે. સ્કુલના કાર્યક્રમોમાં ડાન્સીંગના કાર્યક્રમ પણ તેમણે આપ્યા છે.



# ધ્રુમીલ મહેમદાવાદીયાને આર્મીમાં ઓફીસર બનવું છે

## મીકેનીકલ ડીપ્લોમા કરી નોકરી કરતા કરતા એન્જિ.માં ડીગ્રી મેળવી

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલ કોઠારીયા હાઉસીંગ બોર્ડમાં રહેતા અને આર્ટીસ્ટનું કામ કરતા જીતેશભાઇ લાલજીભાઇ મહેમદાવાદીયા અને સીમાબેનના પુત્ર ધ્રુમીલે બી.ઇ. મીકેનીકલમાં ૮૪.૮ ટકા મેળવી મહેમદાવાદીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

ધ્રુમીલ મહેમદાવાદીયાએ પાર્થ વિદ્યાલયમાં ભણીને એસએસસીમાં ઉચ્ચ ગુણ મેળવી અને મીકેનીકલ ડીપ્લોમાનો કોર્ષ આર્ષ વિદ્યાલય ત્રંબા ખાતે કર્યો હતો.

ધ્રુમીલ સામાન્ય પરિવારનો હોઇ ડીગ્રી કોલેજ જોઇન કરવાને બદલે નોકરીએ લાગી ગયો હતો. પ્રકાશ કાસ્ટીંગમાં લાઇવ ઇન્સ્પેકટર તરીકેની ફરજ બજાવતા બજાવતા તેમણે સંજયભાઇ રાજયગુરૂ એન્જિ. કોલેજમાં એકસ્ટર્નલ તરીકે એડમીશન લઇને મીકેનીકલ એન્જિનિયરીંગમાં ડીગ્રીનો અભ્યાસ શરૂ કર્યો હતો અને તાજેતરમાં પૂર્ણ કર્યો છે.



ધ્રુમીલની ઇચ્છા તો આર્મી ઓફીસર બનવાની છે અને તેમણે યુપીએસસીની પરીક્ષા પણ પાસ કરી છે.


ધ્રુમીલ મહેમદાવાદીયાએ ઉચ્ચ ગુણ સાથે મીકેનીકલ એન્જિનિયર(ડીગ્રી) બન્યો હોઇ મહેમદાવાદીયા પરિવારના સુપર વોલ્ગા એન્જિ. વાળા રાજુભાઇ, જયેશભાઇ મહેમદાવાદીયા તેમજ સમાજના આગેવાનોએ તેમને અભિનંદન આપ્યા છે.

# પુસ્તકોનું જીવનમાં મહત્વ

ડો. પૂર્ણિમા જે. ભાડેશિયા

આજના યુગમાં પુસ્તકો ઘરમાં જોવા મળતા નથી અથવા હોય તો ધાર્મિક ગ્રંથો હોય છે જે ફક્ત મોટી ઉંમરના વાચતા હોય છે. વ્યવસાય પ્રમાણે ખાસ સામાયિકો કે પુસ્તકો વાંચવા પડે એટલે તે હોય છે. ડોકટર, એન્જિનિયર, વકીલ, શિક્ષકો પોતાના વ્યવસાયના સામયિકો ઘરમાં વસાવતા હોય છે આજે તો ગૃહિણી પોતાના રસોઇકામના પણ વિવિધ વાનગીઓ બનાવવાની રીત આવતુ પુસ્તક વાપરે છે. વિદ્યાર્થીઓના હાથમાં હવે પુસ્તકો નહીં પણ મોબાઇલ, કોમ્પ્યુટર વગેરે જોવા મળે છે. જાહેર સ્થળો જેમ કે રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, એરપોર્ટ પર હવે ભાગ્યે કોઇ પુસ્તક લઇને વાચતા હોય તેવું જોવા મળે છે. ખરેખર તે સારા પુસ્તકો અને એમાંથી મળતો આનંદની અનુમતિ અદભુત છે.

મહાત્મા ગાંધી લખે છે કે સારા પુસ્તકો મિત્ર સમાન છે. માનવ જીવનમાં ધન મુખ્ય નથી – ધર્મ મુખ્ય છે. લોકમાન્ય તિલક કહે છે કે હુ નર્કમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ કારણ કે તેમનામાં એટલી શકિત છે કે તે જયાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે. ઓફિસમાં કામ કરીને કંટાળીને અથવા જયારે ફુરસત હોય ત્યાં જેમ કે હોસ્પિટલ, ઘર, ટ્રેનમાં ત્યારે પુસ્તક હાથમાં લઇને પાના ફેરવાનું ચાલુ કરીએ છીએ. પરંતુ વાચન પૂર્ણ થયા પછી ચિંતન અને મનન કરીને જીવનમાં સારી વસ્તનું ગ્રહણ કરવું તે ખુબ જરૂરી છે. ગ્રંથોમાં પુસ્તકોના દર્શાવેલા સારા વિચારોને જીવનમાં ઉતારવાથી જીવન રસપ્રદ બને છે.



આજે લોકો ભાગદોડમાં અને ધન એકઠું કરવામાં લાગેલા છે. ઘરમાં બધા સભ્યો શું કરે છે, બાળકો શું કરે છે મોબાઇલમાં, કમ્પ્યુટરમાં કેવી ગેઇમ્સ રમે છે તે જોવાનો ટાઇમ નથી. સાહિત્ય કેવુ વાંચે છે અને કેવા મિત્રો સાથે હરે ફરે છે તેનાથી અજાણ છે. આ સ્થિતિમાંથી બહાર નીકળવાની જરૂર છે. જીવનમાં વિવેક શરૂ થાય એનો પ્રયાસ કરવો જોઇએ અને ઘરમાં સદસાહિત્ય આવે એની કાળજી રાખવી જોઇએ. મહારાષ્ટ્રમાં સંત રાજાદાસે ઉત્તમ સાહિત કે ગ્રંથો સંબંધી કહયું છે કે જે ગ્રંથોના વાચનથી પવિત્રતા, ઇશ્વરનિષ્ઠા અને સદાચારમાં વૃદ્ધિ થાય, દયા, કરૂણા, કર્તવ્યપાલન આદિ ગુણ પેદા થાય છે તેમને જ સદગ્રંથો માનવા જોઇએ. ગૌરવની વાત છે કે ભારતમાં આવુ સાહિત્ય મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. જીવનની સાર્થકતાની જાળવણી માટે આવા સારા પુસ્તકો વાચવા જોઇએ. પુસ્તકો વાચકોને બોલાવવા જશે નહીં પણ વાચક જ તેમની પાસે જવું પડશે.

સારા પુસ્તકો વાચવાના ફાયદાઓ અગણિત છે.

– વાચનનો જેને શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંતમાં સહેલાઇથી બેસીને વાંચી શકે છે. તે સર્વત્ર સુખી રહી શકે છે.

– સારા પુસ્તકો વાચકને મુશ્કેલીમાં રસ્તો કાઢવાનું શીખવે છે.

– એકાદ સારા પુસ્તકમાંથી એક જ વાકય કેટલાય મનુષ્યના હૃદયમાં મહત્વાકાંક્ષા ઉત્પન્ન કરીને મહાન બનાવે છે.

– પુસ્તકો મનુષ્યે ને જેવા બનવા ચાહે છે તેવા બનાવે છે.

– ભગવાન બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ જેવી મહાન વિભુતિઓ જગતમાં આલોપ થઇ ગયા છે. પરંતુ તેમના ઉપદેશો આજે પણ પુસ્તકો દ્વારા જીવીત છે.

– સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, લોકમાન્ય તિલક જેવા દેશપ્રેમીઓ અને એમને કરેલા કાર્ય આજે પુસ્તકો દ્વારા લોકોને પ્રેરણા આપે છે.

– સારા પુસ્તકોને મિત્ર બનાવવા જોઇએ. એ નિર્જીવ જણાતા મિત્રો, મિત્ર કરતા પણ વધારે ઉપયોગી થાય છે.

– સારા પુસ્તકો દુઃખમાં સાથ આપે છે અને કંટાળેલા મગજને શાંતિ આપે છે અને મન આનંદીત અને પ્રફુલ્લીત રહે છે.

– પુસ્તક હૂંફ અને સાચી સમજણ આપી શકે છે ઠપકો પણ આપી શકે એટલે કહેવાયું છે કે માણસ એક ચમત્કાર છે અને પુસ્તક તેનાથી વધુ મોટો ચમત્કાર છે. તે એક એવું લોહચુંબક છે. જેમાં લોખંડના અસ્તવ્યસ્ત રજકણોને લોહચુંબક વ્યવસ્થિત ગોઠવે છે એવી રીતે પુસ્તકો અસ્પષ્ટ અને ગુંચવાયેલા વિચારોને થાળે પાડવાનું કામ કરી આવે છે.

– વાચનના શોખથી શિખેલું કટાઇ જતું નથી પરંતુ જ્ઞાનની વૃદ્ધિ થાય છે. સમયનો સદઉપયોગ તો થાય છે અને પારકી નિંદા કરવાનો વખત મળતો નથી.

– જેમ રાજહંસ પાણી ફુલ જુદુ કરે છે તેવી જ રીતે

વાંચનથી સમજણ શકિત વધે છે અને સાચુ-ખોટું પારખવાની હંસવૃત્તિ કેળવી શકાય છે.

– સાચુ, સ્વચ્છ સાહિત્ય વાંચવાનો શોખ હોય એના તો વિચારોમાં પણ સુધારો થાય છે, વાણીમાં મધુરતા આવે છે આ રીતે જીવનમાં પ્રગતિ કરે છે અને જીવન સુખમય અને શાંતિમય બને છે.

– જેમ પારસમણીના સ્પર્શથી લોખંડ પણ સોનુ થઇ જાય છે તેમ સારા પુસ્તકોના વાંચનથી અંધકાર રૂપિ અજ્ઞાનતાનો નાશ થાય છે અને જીવન પ્રકાશમય બને છે.

વાંચવાની ટેવ નાનપણથી પડે એની માતા-પિતા અને શિક્ષકોએ કાળજી રાખવી જોઇએ. મોટી ઉંમરે વાંચવાનો શોખ કેળવવો કઠિન છે. શરૂઆતમાં જે બીજ વાવ્યા છે તેનું જ સિંચન થાય છે અને તેના પરથી પછીનું જીવન આકાર પામે છે. પોતાના ધ્યેય અને આદર્શ દૃઢ થાય છે. વ્યકિતનું ચરિત્ર તેના મિત્રવર્તુળ પરથી થાય છે. કયા પ્રકારના પુસ્તકોનુ વાંચન કરે છે તેના પરથી સ્વભાવ કહી શકાય છે.

વાંચનથી મનુષ્યના વ્યકિતત્વનો વિકાસ થાય છે અને આ ત્યારે ખબર પડે છે જયારે આપણે બે વ્યકિતની સરખામણી કરીએ છીએ. એક વ્યકિત જેને વાંચવાનો શોખ નથી અને બીજો જેને વાંચવાનો શોખ છે. જે વ્યકિતને વાંચવાનો શોખ નથી એ વ્યકિત પોતાની આસપાસની નાનકડી દુનિયામાં બંધાયેલો હોય છે એનો જીવન વ્યવહાર માત્ર થોડાક મિત્રો અને સગાઓ પુરતુ જ મર્યાદિત રહે છે. પરંતુ જે વ્યકિતને વાચવાનો શોખ છે એના હાથમાં જો ઉત્તમ પુસ્તક આવી જાય તો તેજ ઘડીએ બીજા દુનિયામાં પ્રવેશે છે. પુસ્તકો દ્વારા ભૂતકાળ ના બનાવો માનસિક રીતે માણી શકે છે અને કલ્પના ચિત્રો દ્વારા ભવિષ્યનો પણ વિકાસ કરી શકે છે. આવા વાંચન પ્રેમીઓને ચોવીસ કલાકની એક ધારી જિંદગીમાં જો એક બે કલાક પુસ્તકો દ્વારા બીજા દુનિયામાં જીવવાનું મળે તો એ એક મોટું સદભાગ્ય ગણે છે.

વ્યકિત જો શિક્ષિત હોય અને આર્થિક રીતે સમૃદ્ધ હોય તો ઘરમાં એક પુસ્તકાલય ઉભુ કરવું જોઇએ. સુંદર મજાનું પુસ્તકાલય ગૃહ શોભામાં વધારો કરે છે. પુસ્તકાલય નાનુ કે મોટું હોય પણ સારા પુસ્તકો રાખવા. પુસ્તકો ખરીદવાનું વાંચવાનું અને બીજાને વાચવા આપવુ આ ક્રમ ચાલુ રાખવો જોઇએ. આ ટેવના કારણે બાળકો, નાના મોટા સહુને વાંચવાની ટેવ પડે છે અને ઘરમાં એક સંસ્કારી વાતાવરણ બને છે. પુસ્તકનું મુલ્ય તો રત્નથી પણ વિશેષ છે. રત્નમાં બ્રાહય ચમક બતાવે છે પરંતુ પુસ્તકો તો અંતઃકરણને ચમકાવે જે ઘરમાં પુસ્તકોનો સંગ્રહ નથી એવા ઘરમાં દિકરી આપવી હોય તો પણ વિચારો કરવો પડે. ટોલ્સ્ટોયનું એક વાયક છે જે પુસ્તક તમને સૌથી વધુ વિચારવા માટે નિવેશ કરે છે તે પુસ્તક તમારામાં સૌથી વધુ સહાય નીવડે છે. આવા પુસ્તકોનો સંગ્રહ જીવનમાં સફળતા લાવીને રહે છે.

A House Without Books is a body without sool


## વિશ્વકર્માં વિશ્વ
### લવાજમ ભરવા માટે...

**મોરબી**

**રાજુભાઇ કથેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮
**ગીરીશભાઇ મિસ્ત્રી :** C/o. મિસ્ત્રી કલબ, પ્રથમ કવાટર્સ, લાતી પ્લોટ-૭, મોરબી. મો. ૯૯૨૫૫ ૮૩૫૩૬

**રાજકોટ**

**અતુલભાઇ ભાડેશિયા** - શ્રી હરી પ્લાયવુડ એન્ડ હાર્ડવેર, ઘનશ્યામનગર કોર્નર, સેંટેલાઇટ ચોક, મોરબી રોડ, રાજકોટ. મો. ૯૪૨૭૬ ૩૧૧૮૪, ૯૮૨૪૨૪૮૮૪૦
**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

**જામનગર**

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

**ઓનલાઇન લવાજમ ભરવા માટે...**
**Visit : www.vishwakarmavishwa.com**



ચેતન પી. વડગામા
૯૮૨૪૮ ૨૦૧૦૩

કેતન વી. વડગામા
૯૮૯૮૧ ૮૦૦૦૯

# બાલાજી
## એલ્યુમિનિયમ

- જીંદાલ સેકસન અને તેને લગતુ ફિટીંગ મળશે.
- બેકેલાઇટ (ઇન્ડસ્ટ્રીયલ) સીટ મળશે.

JINDAL ™

બ્રાન્ચ-૨: પતંજલી સ્કુલની સામે, અલકા સોસાયટી, સરદારનગર મેઇન રોડ, મવડી મેઇન રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૪.
Email: balajialuminiumrajkot@gmail.com

# જિંદગી છે એક સાપસીડી....

ડો. વિષ્ણુ પ્રજાપતિ

બાળપણમાં સાપસીડી રમવાની આપણે ખૂબ મજા લીધી છે. એક થી સો નંબર સુધી લખેલ ખાનાઓના એ બોર્ડ ઉપર કુકરીઓ પાડી તેના પડતા નંબર પ્રમાણે આગળ વધવાનું. મનમાં કેટકેટલીયે ગણતરીઓ કરી લીધી હોય. આટલા દાણા પડશે એટલે આ જગ્યાએ પહોંચીશ અને પછી આ રીતે આગળ વધીશ. બંધ મુઠ્ઠીમાં ગોળગોળ ફરતી કુકરી અને મનમાં ભગવાન પાસે કરેલી પ્રાર્થના બધુ ભેગુ કરીને આખરે દાણા પાડતાં... અને સાચે કહુ તો આપણે વિચાર્યુ હોય તેવા દાણા ભાગ્યે જ પડે પણ જે નંબર આવ્યો હોય તેને સ્વીકારી કુકરી આગળ ચલાવી રમ્યા કરવાનું. કભી ખુશી અને કભી ગમ જેવા માહોલમાં, બાળપણાનાં નિર્દોષ આનંદમાં એ સાપસીડીની રમત પણ એક મહત્વનો હિસ્સો હતી.




આ રમતમાં સીડી આવે તો કુદવાની મજા અને સાપ આવે તો છેક પૂંછડે પહોંચી જવાની સજા પણ આપણે ભોગવતા. આ ચઢ ઉતર સાથે આપણા મિત્રો સાથે સ્પર્ધા તો ખરી જ...! સો અંક સુધી પહેલા પહોંચી જવાની ચટપટી પણ રહેતી. જે વ્યક્તિએ આ રમતની શોધ કરી હશે તેના માટે ખરેખર માન ઉપજે કે બાળપણથી જ બાળમનને જિંદગીના ચઢાવ ઉતારને સમજાવતી આ ગેમ જિંદગીને પણ સમજાવતી જાય છે.



આ બોર્ડ પરના સો અંક એટલે જિંદગીના સો વર્ષ સમજી લઇએ. આપણે સુખે સુખે આ સો વર્ષ સુધીના આંકડે પહોંચવું છે. આ સો વર્ષના સમયગાળામાં આપણે આપણી જિંદગીમાં બે હાથ જોડીને લાખો વાર ભગવાનને સુખ, શાંતિ અને સમૃધ્ધિ માટે પ્રાર્થના કરીએ છીએ કે હવે મારી જિંદગીમાં આ કે પેલું આપો તો મારી સફળતા નક્કી જ છે. દરેકવાર આપણી કરેલી પ્રાર્થના સફળ થાય તેવું બનતું નથી. જિંદગીમાં ક્યારેક સીડી મળે તો ક્યારેક સાપના મોંનો કોળિયો પણ બનવું પડે છે. ચઢાવ-ઉતારના આ ઘટનાક્રમમાં અનેક અનુભવો થતા રહે છે. સીડી મળે એટલે જિંદગીનો ગ્રાફ સીધો ઉંચકાય. થોડા વર્ષોમાં ક્યાંના ક્યાંય પહોંચી જવાય. જો કે આ સીડીના બરાબર નીચેના છેડે પહોંચવા આપણે ખૂબ મહેનત કરી જ હોય છે.

કોઇકના જીવનમાં આ સીડીની જગ્યાએ સાપ મોં ફાડીને ઉભો રહે ત્યારે સટાક કરતો પછડાય અને જિંદગીના ઘણાં વર્ષો પાછળ પડી જાય. સીડી આપણને ઉત્સાહ, વિશ્વાસ અને સુખોથી પરિપૂર્ણ બનાવી દે છે. જ્યારે સાપ આવે એટલે જિંદગીમાં હતાશા, અવિશ્વાસ, દુઃખ અને પોતાના માટે જ હીન ભાવનાનો જન્મ થઇ જાય છે. જો કે જીવનના અનુભવોમાં સાપ આવે ત્યારે ખુદને ઓળખવાનો કે બીજાના વ્યવહારને જાણવાનો ખૂબ સારો અવસર મળે છે. બીજાને સાપના મોંમા આવીને પટકાતો જોઇ હરખાતા આપણ ખુદને એવો જ અનુભવ થાય ત્યારે તેની શું પરિસ્થિતિ થાય છે તેનો અંદાજ આવે છે. કોઇકે ખૂબ સરસ કહ્યું છે કે ‘‘બુધ્ધિ બદામ ખાવાથી નહી પણ ઠોકર ખાવાથી આવે છે.’ જીવનમાં વાગતી ઠોકરો આપણને જ્યારે ગબડાવે ત્યારે સત્યનું ભાન થાય છે.

જિંદગીમાં પણ આપણે કેટકેટલીયે ગણતરીઓ કરી હોય છે. ક્યારેક પુરુષાર્થ તો ક્યારેક સંઘર્ષ પણ કર્યો હોય છે. મહેનત કરવા છતાં માંડ માંડ એક એક ડગલાં જેટલી જ જિંદગી આગળ વધે અને તમારી પાછળ રહેલો વ્યક્તિ અચાનક જ ફટાફટ આગળ વધે ત્યારે તેની ઇર્ષ્યા થવા લાગે કે પોતાના ભાગ્યનો દોષ કાઢી પોતાના પર અણગમો પણ થઇ જાય...!

જીવનમાં સફળતાની ગતિ દરેકની સરખી નથી હોતી. કોઇકે ખૂબ પહેલાથી આયોજનપૂર્વક મહેનત કરી હોય છે અને તેના પરિણામો હવે તેને મળી રહ્યા છે એવું પણ બનતું હોય છે. આપણ સૌને જિંદગીના કોઇને કોઇ તબક્કામાં સાપ અથવા સીડી મળી જ હશે.. સફળતા કે પછડાટ પછી પણ ''જિંદગી ચલને કા નામ... ચલતે રહો સુબહ શામ..' એટીટ્યુડથી ફરી એ ઘટમાળમાં જોડાઇ જઇએ છીએ.

આપણી જિંદગીમાં જો મનગમતી સીડી મળે ત્યારે આપણી જિંદગી ઉર્જાવાન બને, આપણી શક્તિઓ વધે, આપણી સફળતાનો આંક ઉંચકાય, સુખ અને શાંતિ અનુભવાય અને જિંદગી તનાવભરી નહી પણ મુક્તપણે માણવા મળી છે તેવો અહેસાસ થાય છે. જ્યારે સાપ આવે અને જીવનની પડતી લાવે તો દુઃખને તાણી લાવે છે.

સાપસીડી રમતમાં તો આપણને ખબર હોય જ છે કે આ આંક પર સાપનું મોઢું કે સીડીનો નીચેનો છેડો આવે છે એટલે આપણે તે નંબરને ખૂબ ધ્યાને લઇએ છીએ. જ્યારે જિંદગીમાં આવી રીતે કંઇ ઉંમરે તમને સાપ કે ક્યારે સીડી મળશે તેવું નક્કી નથી હોતું. તમારે તો હસીખુશીથી રમતાં જ જવાનું હોય છે.



જો તમને તમારી જિંદગીમાં એવી રમત મળે કે તેમાં ફક્ત સીડીઓ જ હોય... સાપનું નામોનિશાન ન હોય તો....! અને તેનાથી ઉલ્ટું જો ફક્ત સાપ જ મળે સીડીઓ હોય જ નહી તો...! ફક્ત સીડીઓ હોય તો મોજ હી મોજ અને સાપ હોય તો લાગ્યા ભોગ...!

જો કે આવી સ્થિતિ કોઇની જિંદગીમાં આવતી જ નથી. ક્રિકેટના મહાન સ્ટાર સચિન તેંડુલકર હોય કે બોલિવુડના બેતાજ બાદશાહ બચ્ચન સાહેબ હોય...! મહાન ઉદ્યોગપતિ ધીરૂભાઇ અંબાણી હોય કે મિસાઇલમેન ડો. ક્લામ સાહેબ..! આ બધાના જીવનમાં સાપ પણ આવ્યા અને સીડીઓ પણ આવી. તેઓ પણ સામાન્ય માણસની જેમ રોજે રોજ સતત સંઘર્ષ કરતા રહ્યા અને છેવટે સિધ્ધિઓના શિખરે બિરાજમાન થયા.

જિંદગીમાં સાપ ક્યારે મળે છે તે આપણને સૌને ખબર છે જેમ કે,

આળસ, ગુસ્સો, કોઇની ઇર્ષ્યા, કામચોરી, નૈતિકતાનો અભાવ, ચારીત્ર્યહિન સ્વભાવ, નિર્ણયશક્તિનો અભાવ, પોતાનામાં જ અવિશ્વાસ, સતત ડરની લાગણી, સાહસ કરવાનો અભાવ, નવી વસ્તુ શીખવામાં ઉદાસીનતા, મળેલી તકને ન ઓળખવી, જ્ઞાનનો અભાવ, નકારાત્મક વલણ, નાસ્તિક સ્વભાવ, લઘુતાગ્રંથી, ભવિષ્યના આયોજનોનો અભાવ આ આ બધા આપણી જિંદગીના સાપ જ છે એમ સમજવું.

કોઇપણ ઉંમરે આ જુદા જુદા સાપ પોતાનું મુખ પહોળું કરીને ઉભા જ હોય છે. જો આપણે ઉપરના લિસ્ટમાંથી કોઇ એક દુર્ગુણ આવી ગયો તો સમજો કે જિંદગીમાં એક સાપ આપણે જ ઉભો થવા દીધો છે. જેમ જેમ આ દુર્ગુણો વધારતા જઇશું તેમ આ સાપોની સંખ્યા વધતી જશે અને પછી કહેશો કે મારા ભાગ્ય જ સારા નથી તો હું શું કરું ?

આખુ વર્ષ મહેનત ન કરીને પછી સારા પરિણામની આશા રાખતો વિદ્યાર્થી હોય કે કામચોરી કરીને બેસી રહેતો કોઇપણ સંસ્થાનો કર્મચારી... આખરે તો તે આ સાપનો ભોગ બની પોતાની જિંદગીની રફતારને નીચે લાવી જ દે છે.

એનાથી ઉલ્ટું જિંદગીની રફતારમાં સફળતાની સીડીઓ ક્યારે લાગે ?

જેમાં,

પોતાની જિંદગી પ્રત્યે ગજબનો ઉત્સાહ, હકારાત્મક વલણ, પ્રામાણિકતા, નિષ્ઠા, કાર્યસૂઝ, સખત મહેનત કરવાની આદત, સૌ પ્રત્યે સદભાવ અને સમભાવ, તકને ઓળખવાની કળા, આત્મવિશ્વાસથી તરબોળ જીવન, ભગવાન પ્રત્યેની અપાર શ્રદ્ધા, વિચારોની સમૃધ્ધિ, નિર્વ્યસની જીવન આમ આ બધા સદગુણો જીવનની સીડીઓ જ છે. જેમ જેમ આ સદગુણોને તમે વધુને વધુ પરિપક્વ બનાવતા જશો તેમ તેમ આ સીડીઓ તમને તમારી જિંદગીમાં મળતી જ જશે. આ સીડીઓ તમને અણધારી સફળતા પણ અપાવી જશે.

આપણે આપણી જિંદગીમાં સાપ કે સીડી જે પણ ઉભુ કરવું હોય તે આપણા હાથની જ વાત છે. મારા પુસ્તક હું - ખોવાયેલા ખુદની શોધમાં વિચારોની સાપસીડીનું એક ચેપ્ટર છે, જેનું નામ છે ''વિચારોની સાપસીડી'. આ એક ગેમ જ છે જે તમને ગમશે. દરેક વ્યક્તિ વિચારની દ્રષ્ટીએ પણ એક જુદી જ પ્રકૃતિ ધરાવે છે. આ વિચારો અને વિચારોની અભિવ્યક્તિના કેટલાક પ્રશ્નો નીચે આપ્યા છે. તમારે અહી ફરી એક મજાની પ્રવૃતિ કરવાની છે. જેમા દરેક પ્રશ્ન ના એક થી છ ગુણમાં કોઇ એક ગુણ આપવાનો છે. જે ગુણ ક્રમશઃ વધતા ભાર પ્રમાણે છે. જેમકે પ્રથમ પ્રશ્નમાં જો તમે તેના જવાબ સાથે સંપૂર્ણ સંમત છો તો છ ગુણ નહી તો ૧ થી ૫ વચ્ચેમાં આપે એક ગુણ પસંદ કરવાનો છે. યાદ રાખો કે જવાબ આપતી વખતે તમારે માત્ર પોતાના વ્યક્તિત્વને જ ધ્યાને રાખવાનું છે.


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | બીજા લોકો મારા વ્યક્તિત્વને સમજી શકતા જ નથી. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨. | વધુ પડતા વિચારો મારા નિયંત્રણની બહાર છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩. | મારો ગુસ્સો હૃ નિયંત્રણ કરી શકતો નથી. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪. | હૃં જલ્દી લાગણીશીલ બની જાઉ છુ. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૫. | હૃ બીજા સાથેની વાતોમા પોતાની તકલીફો પહેલા કહૃં છું. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૬. | બીજા લોકો મારા વખાણ કરે તે મને ગમે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| %. | જો કોઇ મારી ટીકા કરે તો તરત જ ચીડાઇ જાઉ છું. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૮. | મારાથી વધુ સફળ, સુંદર કે સુખી અન્ય વ્યક્તિને જોઇને ઈર્ષા થાય છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૯. | હૃ નવી જગ્યાએ નવી પરિસ્થિતિમા જલ્દી અનુકુળ થઇ શકતો નથી. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૦. | મારો સ્વભાવ સાચો અને સારો જ છે એમ હૃ માનું છું. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૧. | હૃં વધારે નસીબ પર વિશ્વાસ ધરાવતો વ્યક્તિ છું. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૨. | મને નકારત્મક વિચારો વધુ આવે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૩. | મારી લાગણીઓને પ્રદર્શીત કરી શકતો નથી. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૪. | મને દિવસમાં ઘણીવાર વગર કારણે કંટાળો આવે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૫. | મારી પાસે રહેલી વસ્તુને કોઇ સ્પર્શે તો મને ગમતું નથી. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ દરેક પ્રશ્નના તમે પોતાના વિચારો અને પોતાના વ્યક્તિત્વને અનુરુપ જવાબ આપ્યા છે. અહીં એક થી છ ગુણ રાખવાનું કારણ જાણવા જેવું છે. આપણે સૌ પાસાથી રમ્યા છીએ. જેમા છ બાજુએ એક થી છ નંબર હોય છે. અહીં પણ તમે દરેક પ્રશ્નમાં એમ માનો કે પાસો જ ફેંક્યો છે અને તમને તેનો એક નંબર મળ્યો છે. હવે તમારા ઉપરોક્ત જવાબો પ્રમાણે ક્રમશઃ નીચેની સાપસીડીની રમત રમવાની છે. તમે કોઇ એક કુકરી કે નાની વસ્તુ લઇ લો. તમે દરેક પ્રશ્નની સામે જે ગુણ આપ્યો છે તેટલા જ ખાના તમારે આગળ ચાલવાના છે. અને પંદર પ્રશ્નને અંતે તમે ક્યાં પહોંચો છો તે ખાસ જોવાનું છે......તો તૈયાર સાપસીડી રમવા.....પહેલા તમારા જવાબોનાં નંબર ક્રમશઃ નીચે ખાલી જગ્યામાં લખી લો..પછી તે પ્રમાણે કુકરી આગળ ચલાવો.

......., ........, ........, ........, ........,

........, ........, ........, ........, ........,

........, ......., ......., ......., .......,



હું માનું છું કે તમને આ રમત રમવાની મજા આવી હશે.મજા આવી જ હશે. આ સાપસીડી રમ્યા પછી છેલ્લે તમે કોઇ એક સ્થાન પર પહોંચ્યા છો. જે સ્થાન પર મોટું ગોળ સર્કલ કરી દો અથવા તમારી કુકરી છેલ્લે જ્યાં પહોંચી છે ત્યાં મુકીને નીચે મુજબ પોતાની વૈચારિક પ્રકૃતિ ઓળખો.

**૧. જો તમે આ રમતને સંપૂર્ણ પૂર્ણ કરી છે એટલે કે ૬૦ નંબરના ખાના સુધી પહોંચી ગયા છો અથવા તમે ગેમ પૂર્ણ કરી છે તો તમારી માનસિક પ્રકૃતિ નીચે મુજબની છે.**

- તમે ખૂબ ઉત્સાહી, દરેક કાર્યને ખૂબ સારી રીતે કરવાવાળા, વિચારોનું આયોજન કરી યોગ્ય દિશાએ લઈ જનારા છો.
- વૈચારિક સ્થિતિ ખૂબ સારી, વિચારોનું સંતુલન ઘણું સારું, હકારાત્મક ઉર્જાથી ભરપૂર અને મનની શક્તિનો મહત્તમ ઉપયોગ કરવાવાળાં છો.
- કેટલીક નબળાઈઓમાં તમે બીજા પર જલ્દી વિશ્વાસ મુકી દેનારા, તમારી ભલમનસાઈનો અનેક લોકો ઉપયોગ કરે છે. તમે કોઈને જલ્દીથી ના કહી શકતા નથી.

**૨. જો તમે આ રમતમાં ૫૯ થી ૪૫ નંબરના ખાનાની વચ્ચે છો તો,**

- તમે જીવનમાં ખૂબ જ સંઘર્ષથી આગળ વધેલા છો. સાહસ કરવાનો તમારો સ્વભાવ છે.
- પ્રેક્ટિકલ એપ્રોચ, ચીવટપૂર્વક કામની આદત અને સૈધ્ધાંતિક જીવન તમારી ઓળખ છે.
- વૈચારિક સ્થિતિ સતત નવું કરવાની વૃતિ ધરાવનારી છે.
- વૈચારિક નબળાઈઓમાં કોઈ પર જલ્દી વિશ્વાસ નહિ મુકવાથી નજીકના વ્યક્તિ પ્રત્યે નારાજગી રહ્યા કરે. પોતાના સ્વભાવની ઉગ્રતાને કારણે ગુસ્સો પણ તમારી કમજોરી બની જાય.

**૩. જો તમે ૪૪ થી ૩૦ ખાના વચ્ચે છો તો,**

- તમે લાગણીશીલ, બીજાને મદદ કરવાનો સ્વભાવ, પ્રામાણિક અને સરળ સ્વભાવનાં છો.
- તમારો સ્વભાવ ભૂલકણો અને બીજાને જલ્દી માફ કરી દેવાનો છે. ખૂબ વિચાર કરવાવાળા છો.
- વૈચારિક ખુશમિજાજી અને સંગીત, જ્યોતિષ, વાંચન તમારા રસના વિષયો છે.
- ' તમને બનાવટી લોકો ગમતા નથી અને તમારી લાગણીઓને અવારનવાર ઠેસ પહોંચે છે છતાં તમે ''લેટ ગો' ની ભાવનાવાળા છો.

**૪. ૨૯ થી ૧૫ વચ્ચેની વ્યક્તિઓ,**

- તમારી વિચારસરણી ખૂબ ચપળ, ઉત્તમ કારકિર્દી અને સફળતા આપને અન્ય કરતા જલ્દી મળે તેવુ બને છે.
- સ્વભાવ ખૂબ વાચાળ (બોલકા) અને સહુની સાથે જલ્દી ભળી જવા વાળા છો.
- વિચારોની ગતિ ખૂબ તેજ અને જલ્દી ગુસ્સે થવાવાળા છો.
- તમારે મિત્રોની સંખ્યા અનેક હોય પણ અંગત મિત્રો ખૂબ ઓછા છે.

**૫. જો તમે ૧૫ થી ૧ ખાનાની વચ્ચે છો..તો...**

- તમે તમારા વિચારોની શક્તિનો યોગ્ય ઉપયોગ કરી શકતા નથી. તમારા આયોજનો મોટાભાગે નિષ્ફળ જાય છે.
- તમે અન્ય સાથે જલ્દી હળીમળી શકતા નથી. તમે અન્ય પર જલ્દી વિશ્વાસ મુકતા નથી અને અન્ય કોઇ વ્યક્તિ પણ જલ્દી તમારી પર વિશ્વાસ ધરાવતો નથી.
- તમને અંદર કોઇને કોઇ ડર સતાવ્યા કરે છે અને વધુ પડતા ભાગ્યને ભરોસે બેસી રહેવાવાળા છો.
- તમારી વિચારોની શૃંખલા વધુ પડતી નિરાશાજનક અને એકલવાયી છે.

હું માનું છું કે તમને આ પ્રકારે સાપસીડી રમવાની મજા આવી હશે. રમતની સાથે તમારા વ્યક્તિત્વની પણ એક ઓળખ છતી થાય છે. અનેક લોકો પરના અભ્યાસ પછી આ કાર્ય શક્ય બન્યું છે. મહદઅંશે આ પ્રયોગનાં સચોટ પરિણામો મળ્યાં છે.

પોતાના વ્યક્તિત્વને વધુને વધુ જેમ ઘસતા જઈશું તેમ જ એક ચમકદાર વ્યક્તિનું નિર્માણ થતું જશે. જિંદગીની સાપસીડી તો આપણે સતત રમતા જ જવાનું છે કંઇક શીખતા જવાનું અને તેનો આભાર વ્યક્ત કરતા જવાનું છે.


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
VB
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી




# સુખના સરવાળા + ગુણાકાર

**જગદિશભાઈ મિસ્ત્રી 'ખલિફ'**

સુખની અપેક્ષા કોને નથી હોતી ? પ્રત્યેક મનુષ્યનો.. કોઈપણ કૃત્ય કે પ્રયત્ન કરવા પાછળનો અભિગમ ફક્ત અને ફક્ત સુખી

થવાનો.. આનંદ અને ખુશી મેળવવાનો જ હોય છે !

હરેક મનુષ્યના સુખ મેળવવા માટેના માપદંડો તદ્દન જૂદા હોય છે. સુખ એટલે.. તદ્દન સાનુકૂળ માનસિક પરિસ્થિતિ.પરમ સંતુષ્ટિ યુક્ત અવસ્થા ! .. કોઈને સુખ મેળવવામાં તો કોઈને સુખ આપવામાં વહેંચવામાં પરમસુખની અનુભૂતિ થાય છે. કોઈ ધન, વૈભવ, ઐશ્વર્યને સુખની પારાશીશી સમજે છે કોઈને આત્મિયતા સંબંધોમાં તો કોઈને ઉત્તમ સ્વાસ્થ્યમાં સુધારો સમાયેલુ લાગે છે કોઈને શ્રવણની જેમ માતા-પિતાની નિષ્ઠાપૂર્વક સેવા કરવાથી સુખની સંતુષ્ટિ મળે છે કોઈને લગ્ન-સંબંધથી તો વળી, કોઈને સ્વેચ્છા ચારમા સુખ સમાયેલું લાગે છે કોઈ વાસ્તવિક સફળતાને સુખના કાટલાં સમજેછે તો કોઈ પરોપકારની ભાવનાથી પ્રેરાઈને અનાથ બાળકોને, નિરાધાર અને અશક્ત વૃદ્ધોને મદદરુપ થઈ એમની આંખોમાં દેખાતી ખુશીની ચમકમાં પોતાના સુખનું પ્રતિબિંબ જૂએ છે !!... તો કોઈ પરગજુ અભણ, નિર્ધન, સમાજથી તરછોડાયેલા.. વિસ્થાપિત એવા બાળકોને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરી, તન..મન..ધનથી - આર્થિક, નૈતિકસહાય ઉપલબ્ધ કરાવીને સુખની આભ-પ્રતિભાની અનુભૂતિકરે છે !!!!!



વળી સમાજમાં એવા વિરલાઓનું પણ આ પૃથ્વી પર સર્જન થયું છે, જે અન્ય વ્યક્તિની આર્થિક, સામાજિક, વ્યાવસાયિકપ્રગતી કે સફળતા જોઈ, ઈર્ષાવશ..યેનકેન પ્રકારેણ તેમાં બાધા ઉત્પન્ન કરીને, કષ્ટ પહોંચાડીને એક નર્યા આભાસી સુખને માણતા હોય છે આવા વિરલાઓ, સુખની પરિભાષાને સદંતર બદલી નાખવાની ક્ષમતા પણ ધરાવતા હોય છે !!! ભલે આવું, પરપિડનવૃત્તિથી મેળવેલું સુખમાત્ર ક્ષણ જીવી કેમ ન હોય ? પણ આવા 'પરદુઃખ અર્પિત જીવો ખરેખર તો પોતાની જાતને છેતરતા હોય એવું શું, નથી લાગતું?!!! અધૂરા મહિને કસૂવાવડની પીડાવ હોર્યા જેવું નથી લાગતું ?!!!

સદીઓથી જે સગવડ, સુવિધા, જે સુખ મેળવવા માટે માનવી યથાશક્તિ લગભગ પત્થર યુગથી કે હિમયુગથી જ પ્રયત્નો કરતો આવ્યો છે. અને જાણ્યે અજાણ્યે લગભગ આખું જીવનએમાં જ પસાર કરી નાખે છે એ સુખ હકિકતમાં શું છે ? એ શેમાં સમાયેલું છે ? એ યક્ષ પ્રશ્ન આજે પણ યથાવત -અનુત્તરિત છે, એમ નિઃસંકોચપણે કહી શકાય !!સુખ અને તેનાં માપદંડો વિષે, તત્વચિંતકોને ચર્ચા કરવા, મનોમંથન, ચિંતન કરવા પુષ્કળ મટિરીયલ મળી રહે છે !! પરંતુ મનોવૈજ્ઞાનિક રિતે વિચારીએ તો સંસાર પ્રત્યેના, જીવન પ્રત્યેના, સ્વ-પરત્વેના હકારાત્મક દ્રષ્ટિકોણમાં અને વધુ તો સ્વ-પ્રત્યેના અનુરાગ અને આત્મસંતોષમાં જ સમગ્ર માનવજાતનો સુખનો સરવાળો નિર્વિવાદ પણે સમાવિષ્ઠ છે !!!


આ સુખ નામની અદભુત,અદ્વિતીય અને અણમોલ 'ચીજ' મેળવવા માટે લોકો મૈત્રી સંબંધ, પ્રેમ, વિશ્વાસ, આકાંક્ષાઓ, મહેચ્છાઓને સાધન તરિકે ઉપયોગ કરે છે ગમે તેટલાં ગહન ચિંતન પછી પણ એને મેળવવાની ઝંખના ઓછી થતી નથી. ઉલટી બળવત્તર થતી જાય છે !! જેમ જેમ માનવીને અપેક્ષિત સુખ મળતું જાય છે, તેમ તેમ સુખના સરવાળાં અને ગુણાકાર કરવાની, માનવ સહજ મનોવૃત્તિ પણ વધુને વધુ બળવત્તર થતી જાય છે ! સુખનાં મસ્તિખોર, તોફાની મોજાઓ જેમ જેમ કિનારે અથડાઈને પોતાની હાજરીની ગર્જના કરે છે, તેમ તેમ માનવએ મોજાંઓ પર એષણાના તરાપા લઈ સવારથઈને

સુખનાં સાગરમાં ઊંડે સૂધી ડૂબકી લગાવવાની વૃત્તિ કેળવ્યો જાય છે !! પરંતુ ઊફ !! સુખએ નિતાંત સુખ અને સુખથી વિશેષ કાંઈ જ હોતું નથી.. કોઈ સુખ નાનું કે મોટું હોતું જ નથી. એને નાનું કે મોટું, અથવા ઓછું કે વધુ આંકવાની મનોવૃત્તિ ખરેખર છેતરામણી, આભાસી હોય છે જી હાં.

સુખ એટલે માનસિક, હાર્દિક પરિતૃપ્તિ, સંતુષ્ટિ કઈ વ્યક્તિ કેવી રીતે, કેવા વાતાવરણમાં, કેવા સંજોગોમાં સુખની અનુભૂતિ કરશે, તે વિશે નક્કર પણે કહેવા કોઈપણ તત્વ ચિંતક, મનોવૈજ્ઞાનિક, કે' સુખ વિષય પર મહાનિબંધ લખીને પી.એચ.ડી. કરી ડોક્ટરેટની ડિગ્રી-પ્રાપ્તવ્યક્તિ પણ અસમર્થ છે !!!

પ્રત્યેક વ્યક્તિનું સુખ, આસપાસનાં વાતાવરણમાં ઘટતી ઘટનાઓ, ફેરફારો પર પણ આધારિત હોય છે.. પ્રત્યેક વ્યક્તિ-

વિશેષની મનોવૃત્તિ, વૈચારિક કક્ષા ભિન્ન હોય છે. દરેક વ્યક્તિનાં મનોમસ્તિસ્કમાં રહેલ શૈક્ષણિક,,બૌધ્ધિકસ્તર, સંસ્કારિતા અને ચૈતસિક તથા અચૈતસિક આભામંડળની ક્ષિતિજ તદ્દન ભિન્ન હોય છે. મનોક્ષિતિજ પર ઝળૂંબતા આભા મંડળની તરંગ લંબાઈનો ગ્રાફ પણ વ્યક્તિએ-વ્યક્તિએ જૂદીજૂદી કક્ષામાં વહેંચાયેલો હોયછે !!



હરેક માનવી ધબકતા હ્રદય સાથે, અન્ય પ્રવૃત્તિઓ સાથે, ચેતન કે અચેતન અવસ્થામાં કોઈ પ્રવૃત્તિ વિશેષમાં અવિરત મશગુલ રહે તો હોય છે તે હંમેશા આશા, આકાંક્ષા, મહત્વાકાંક્ષા સેવી, બીજા સાથે પોતાની અને પોતાની સાથેઅન્યની સરખામણી કરતો હોય છે. આ બધું અનપેક્ષિત રીતે યંત્રવતપાર ચૈતસિક અવસ્થામાં સતત થતું રહે છે. ઘણીવાર આવી પ્રવૃત્તિથી સ્વતઃ વ્યક્તિ પણ તદ્દન અજાણ હોય છે. પરંતુ પ્રકૃતિના નિયમાનુસાર સૌને ઈચ્છિત વસ્તુ, અપેક્ષિત સુખ મળે જ એવો કોઈ નિયમ કે સમિકરણ હોતું નથી. છેવટે નછૂટકે મન મારીને, અનિચ્છાએ પણ પરિસ્થિતિ સાથે એણે અમુકરીતે સમાધાન કરવું પડે છે... એ મનુષ્ય જીવનની એક કડવી ઝેર જેવી, છત્તાં સાશ્વત અને નક્કર વાસ્તવિકતા છે!! એને નકારવાનું કે નજર અંદાજ કરવાનું સામર્થ્ય કોઈ માં નથી, એ પણ એટલું જ સાચું છે.

જે મેળવવામાં અસફળતા મળી છે,તે બદ્દલ મનમાં કોઈ રંજ રાખી દુઃખના ડુંગર તળે દબાવા કરતાં પ્રકૃતિદત્તપ્રારબ્ધના સથવારેજે મળ્યું છે એને દિલથી સ્વિકારી સંતુષ્ટ થવાથી સુખ આપમેળે ઉજાગર થશેએ નિશ્ચિત છે.

જિવનકાળ દરમિયાન કરેલા કેટલાક એવા નાના કાર્યો કે જે આત્મસંતોષ આપતા હોય અને મનુષ્યજીવન નેસાર્થકતા આપતા હોય.

વળી તેનાથી સામાજિક હિત પણ જળવાતું હોય તો એ પણ સુખનો ખજાનો સાબિત થાય છેજેના જીવનમાં બધીજ સુખ-સુવિધા, સમૃદ્ધિ, ઐશ્વર્ય મેળવ્યા બાદ પણ કોઈ અગમ્ય કારણસર જો નિરાશા ડોકાતી હોયતો, તેમણે નિરાશાને ઝાટકીને આશાવાદી બની કોઈ એવા સાર્થક કાર્યો કરવા જોઈએ આંતરમનમાં જરૂરથી એક અદિઠ, અવ્યકત છત્તાં દિવ્યઆનંદની, સુખની અનુભૂતિ થશે !!

જેમ કે કોઈ ગરીબ વિદ્યાર્થીને ભણાવીને, પ્રૌઢ શિક્ષણ સંસ્થામાં થોડો સમય ફાળવીને કોઈ પરિત્યક્તા અને અસહાય, અશક્ત સ્ત્રીઓનાં સર્વાંગી વિકાસ માટે શક્ય તેટલા પ્રયત્નો પણ આત્મસંતોષ સાથે સુખને નજીકથી અનુભવી શકાયછે !!

મોટા ધનિક વ્યક્તિનાં પ્રસંગમાં ઉપસ્થિત રહી વટ પાડવો તો લગભગ બધાંને ગમે છે, પરંતુ તેમાં આત્મસંતોષને બદલે ભારોભાર આત્મશ્લાઘા વધુ મળે છે... જ્યારે કોઈ સામાન્ય, સરળહ્રદયી વ્યક્તિના જીવનમાં આવતા નાનામોટા પ્રસંગે અનપેક્ષિત રીતે પહોંચી અભિનંદન આપવાથી, શુભેચ્છાના લાગણીસભર કહેલાં શબ્દોએ વ્યક્તિના પ્રસંગમાં તો ચાર ચાંદ સમા બની રહેશે જ એની ખુશી, એનો આનંદ, જ એનું સુખતો દ્વિગુણિત થશે જ, એનુ માન-સન્માન એના પરિવાર અને સ્નેહીજનો માં અનેકગણું વધતા એ વ્યક્તિ જે શાતા, સંતુષ્ટિ અનુભવશે ત્યારે સાચે જમાન જો કે એમનો આપના પ્રત્યેનો આદરપણ નિશ્ચિતરુપે પરાકાષ્ઠાને આંબતો હશે !!!

ભાવનાના વર્તુળમાં સર્જાતા તેજોમય ત્રિકોણનાં એક ખૂણે કંઈક સારું કર્યાની સંતુષ્ટિનાં બેસણાં હોય છે તો બીજા ખૂણે અન્યને નિસ્વાર્થભાવે સુખી કરવાના આનંદની અલૌકિક દિવ્યતા ઝળહળે છે ત્રીજા ખૂણે કીકીના કોડીયે અવર્ણનીય ખૂશીની તેજસ્વી દિપમાળાનો પવિત્ર પ્રકાશ ચોમેર પથરાય છે તો ઓલ્યા ઉગમણી ક્ષિતિજે અંકિત થતાં ચોથાખૂણે સ્વાર્થ રહિત કૃત્યની મનમોહક ખુશ્બુ સર્વત્ર પ્રસરે છે ત્યારે સમગ્ર વાતાવરણ મઘમઘીન ઉઠે તો જ નવાઈ !!!!!

જ્યારે એક રસ્તો બંધ થઈ જાય ત્યારે પ્રયત્ન કરવાથી બીજા અનેક રસ્તાઓ સ્વયંભૂ ખૂલી જતાં હોય છે.. અજાણપણે જઆપણે સૌ બંધ થયેલા રસ્તાના આઘાતમાં એ વાંલિસ થઇ જઈએ છીએ કે આસપાસમાં પથરાયેલા બાકીના ખૂલ્લા માર્ગો આપણને દેખાતાં જ નથી !!

નકારાત્મક વિચારોવાળી વ્યક્તિ પોતે તો દુઃખી થાય જ છે, પણ બીજાંને સુખી જોઈને પણ દુઃખી થાય છે .. એવાં તાણાવાણા વણવા લાગે છે કે સામેવાળી સુખી વ્યક્તિના જીવનમાં કેવીરીતે દુઃખોની કાંટાળી બોરડી ઉગાડુ,ને ક્યારે એને ઉઝરડાં થાય ?!! આવી પરપીડનવૃત્તિવાળાં સંસ્કારો સાથે જ લગભગ જન્મેલી વ્યક્તિ, હકિકતમાં જન્મો જન્મ આ ઈર્ષા ઘેરાં વિષયુક્ત વમળોમાથી ક્યારેય બહાર આવી શકતી નથી ને પરિણામે સહકુટુંબ, સપરિવારની જ વિનાશને નોતરે છે !!!

અઢળકસુખ-સંપત્તિ વચ્ચે પણ નકારાત્મક વિચારો ધરાવતી વ્યકિત બેચેન અને દુઃખી બની મનમાં કોચવાયા કરે છે .. જ્યારે હકારાત્મક વિચારોની માલિકનાં કપાળ પર , ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ દ્વિધાની, ગ્લાનિની કે પરેશાનીની એક પણ કરચલી પડતી નથી !!!

તત્વચિંતકો ના મતે સુખનાં એકંદરે પાંચ મુખ્ય પ્રકાર છે..



(૧) શારિરીક સુખ. નિરોગી, સ્વસ્થ શરીર (૨) આર્થિકસુખ. ભૌતિકસુખ (૩) માનસિકસુખ. સુપાત્ર જીવનસાથી અને પૂત્ર પૌત્રોથી ભરપુર સાંસારિક સંતુષ્ટિ (૪) આત્મિક સુખ મનપસંદ એવી પ્રવૃત્તિ અને તેને અનુરુપ વાતાવરણ, જેમાં મગ્ન બની ફક્ત સ્વ સાથે સંવાદ સ્થાપી, નિજાનંદ માણી શકાય. (૫) આધ્યાત્મિકસુખ.

ઈશ્વરીય ચિંતન, મનન, ભક્તિ દ્વારા આત્માની પરમાત્મા સાથેની એકાત્મતા સાધી, પારલૌકિક અનુભુતિને આત્મસાત કરી મેળવેલી દિવ્ય, ચૈતસિક સંતુષ્ટિ.

નિરોગી શરિર એ મનુષ્ય જીવનનું સૌથી મોટું સુખ છે. (પહેલું સુખતે જાતે નર્યા ) સ્વસ્થ મન એ સ્વસ્થ અને સુઘડ સકારાત્મક વિચારોનું ધ્યોતક છે. કોઈ પર્યટન કરી, વિવિધ સ્થળોની જાણકારી મેળવી સુખ મેળવે છે.. કોઈ લેખનકાર્ય દ્વારા, કોઈ ગાવા વગાડવાના શોખ દ્વારા, કોઈ સંગીતની કે વાદ્યની સુરિલી ધૂન સાંભળી સુખની અનુભૂતિ કરે છે.. કોઈ વિવિધરંગોમાં પીંછી બોળી, કેનવાસ પર પોતાની આગવી કલ્પનાઓને ચિત્રીત કરીને, મૂર્તિમંત કરીને મુગ્ધભાવે તેને નિહાળી પરમસુખ અનુભવે છે કોઈ સુંદર પુસ્તકોના વિશ્વમાં ડૂબી જઈને અલૌકિક સુખમાં મ્હાલે છે !! કોઈ આંગણામાં વાવેલાં, જતનથી ઉછેરેલાં પુષ્પોને હળવે હાથે પાણી પિવડાવી, માવજત કરી.. તેની સાથે મૂક આંખોથી મિઠી વાતો મમળાવી સુખ પામે છે.. આવા વિવિધ શોખ વ્યકિતને ભાવાત્મક સૃષ્ટિના દર્શન કરાવે છે !! સ્વસ્થ સુચારુ જીવનશૈલી અપનાવવાનો અભિગમ આપે છે.. આવા શોખ જ માનવીને જીવન સાચા અર્થમાં જીવતાં શિખવાડે છે મનને, વિચારોને દ્રષ્ટિકોણને સાચી દિશામાં અગ્રેસર કરે છે જે, રસ્તે ચાલતાં અંતિમ પડાવ પર-સુખ સ્વયં

બે હાથ અને બે આંખો પસારીને એમનું સ્વાગત કર્યું ઊભું રહે છે !!

જે ભુતકાળને ભૂલીને વર્તમાનમાં જીવતાં શીખી જાય છે., સાથેઆવતીકાલની ચિંતા ઈશ્વર પર છોડી, ફક્ત આજને જ સાચા અર્થમાં જીવી જાણે છે, તેને સુખ મેળવવા ઝાવા મારવા પડતા નથી સ્વયં સુખ તેને શોધતું આવેછે !!

સુખ સ્વયં એક સુવાસિત ફૂલ છે, અત્તરદાની છે.. નિર્દોષ શોખ પોષી તેમાંથી ભરપૂર નિજાનંદ મેળવીને જયારે મહેંકી ઊઠે છે ત્યારે આસપાસનું સમગ્ર વાતાવરણ પણ મઘમઘતી ઊઠે છે સ્વભાવગત માણસ જાતને થોડું અડવિતરુ પ્રાણી કહેવાયું છે !! કારણ પોતાની પાસે જે છે, ઈશ્વરે જે આપ્યું છે, મહેનત દ્વારા જે મળ્યુ છે કે મેળવ્યું છે,તેનું મહત્વ તેને મન ઓછું લાગે છે પરંતુ જે મળ્યું નથી, જે બીજા પાસે થોડુંક વિશેષ છે, તેટલું અને તેવું.. અરે તેનાથી થોડું અદકેરું.. સવિશેષ મળે તો જ પોતે મનથી , હ્રદયથી ખુશ, અને સુખી થશે !! આવી ભ્રમણામાં સદા રાચતો રહે છે !! આ અભિષા , ઈચ્છાની આ પૂર્તિમાં લગભગ આખું જીવન વિતી જતું હોય છે અંતે અસંતોષના પડ નીચે ઢંકાઈને કિસ્મતનેદોષ આપીને દુઃખના પહાડ રચતો રહેછે !!

હકીકતમાં પ્રકૃતિ પોતે પરિવર્તનશીલ છે, પ્રકૃતિને આધારિત જીવન પણ પરિવર્તનશીલ છે, કાંઈ જ કાયમી નથી હોતું ! દિવસ બાદ રાત્રી..અનેફરી સૂર્યની રોશની સાથે દિવસ ઉગે છે. એ સર્વવિદિત છે કે પ્રત્યેક રાત્રીને એક ઉજળી સવાર હોય છે ! અને અંધારાનેય એક સોનેરી કિનારે મળે છે !! એ જ રીતે જેમ સુખ કાયમી નથી તેમ દુઃખનો પણ અંત નિશ્ચિત છે જ !!----બસ આવશ્યકતા છે તો બસ ધૈર્યની, સંતોષની ---નિરાશાએ દુઃખની જનની છે.. આજે અગર દુઃએના વાદળો ઘેરાયા છે, તો કાલની સવાર અવશ્ય આલ્હાદક સોનેરી કિરણોનો ઉપહાર લાવશે જ-આ આશા સુખ આપી શકે છે.


ચડતી અને પડતીથી તો જીવન રંગિન બંને છે અન્યથા જીવન સાવ નિરસ,બેસ્વાદ થઈ જાય છે. કડવાશને માણ્યા પછી જમિઠાશ શું ચીજ છે, તેનું મહાત્મ્ય શું છે ? એઆપ મેળે જ સમજાય જાય છે !! પ્રત્યેક માનવી પાસે થોડું છે અને દરેકને થોડાં વધુની જરુર હોય છે છતાં જે મળ્યુ છે તેમાંથી સુખ શોધવાનો પ્રયત્ન કરવાથી એક એવી ક્ષણ અનપેક્ષિત રીતે જઆવી મળે છે. જ્યારે સુખ સદેહે પ્રગટ થાયછે----અને આજ છે સુખનો સરવાળો. એ જ છે સુખનો ગુણાકાર !!!!!

# યુદ્ધ પછીની શાંતિ

**અનિલ ખારેચા**

## ઈડિયટની અટારીએથી

ભારત ના લોકોની ચર્ચાઓમા ને મિડીયામાં આ ચુંટણી પરિણામ બાદ જાણે યુદ્ધ પછીની શાંતિ જેવુ વાતાવરણ છે.ગુજરાતનો સાવજ નરેન્દ્ર મોદી ફરીથી સિહાસન પર આરુઢ થતા વિપક્ષમાં તો શાંતિ કરતાયે ગમગીની ને માતમ છે ને હજુ હારેલો જુગારી બમણું રમે એમ વિપક્ષ તો કહે છે કે આતો યુદ્ધ પહેલા ની શાંતિ છે, હવે અમે સંસદમાં તેમને પ્રશ્નો પુછીને ઘેરશુ ! બોલો રસી સળગી ગઇ પણ વળ ન ગયો તે આનુ નામ નરેન્દ્રભાઈ ની શાનદાર સપથવિધી જોઈ વિપક્ષ જાણે મુર્છિત થઈ ગયો છે રોજે રોજ ડીબેટમાં વટાણા વેરતાં તેના પ્રવક્તાઓને એક મહિના સુધી કોઈ ડીબેટ મા ભાગ લેવા નહી જવા દેવાય તેવુ એલાન થયુ છે. હવે ઘોડા છુટ્યા પછી તબેલાને તાળાં મારવામા આવશે, રાજીનામાના નાટકો થશે દિકરો માને રાજીનામું આપશે ને મા એન્ડ કંપની તેનો અસ્વીકાર કરી ફરી રાહુલ ને હારેલ સેના નો સેનાપતિ બનાવી રાજી રખાશે.. પણ અમારી ઈડીયટ ગેંગ માનેછે કે રાહુલ હજુ બાળક બુધ્ધિ છે બિચારો સંસદમાં બેસી આંખો મારે તેના પ્રત્યે કમસેકમ અમને તો દયા આવે છે. તેથી જ ભારતીય મતદારો ને પણ થયુ કે આની આંખો મારવાની ને રમવાની ઉમર છે આના ખભા પર દેશનો બોજો ન નંખાય તેથી તેમણે મત પણ તેમા ન નાખ્યો ! ને પેલા બોંતેર હજાર ની વાત બાળક સમજી ને લોકોએ હસી કાઢી.




મારો મિત્ર ગીધો તો કહે મારા બાબાનુ સગપણ થશે કે નહી તે હવે જ્યોતિષીઓ પાસે જોવળાવી થાક્યો હવે તો કોઈ ન્યુઝ ચેનલના ઓપીનીયન પોલવાળા પાસે પુછવા જવુ પડશે કારણકે જ્યોતિષીઓ કરતા તો ઓપીનીયનપોલ વાળા સાચા સાબિત થયા. એમાય એક તો કોમ્પ્યુટરબાબા ના નામે બની બેઠેલ બાબાએ તો દિગીની જીતવાની ગેરંટી આપીને કહ્યું કે હુ ખોટો પડુ તો સમાધી લઇ લઇશ ! આજે તે બાબા ગાયબ છે ! તો સિધ્ધુએ તો જ્યોતિષ ની અદામા કહેલ કે જો રાહુલ અમેઠીથી હારશે તો હુ રાજકારણ છોડી દઇશ પણ હવે કદાચ તે પણ કહે આઇ એમ જોકીંગ .. ને પછી અટહાસ્ય કરી કહેશે ઠોકો તાલી ! જેણે ત્રણ ચાર પક્ષના નાતરા કયા હોય તેને ખોટું બોલવામા થોડી શરમ હોય ? માયાવતી ની માયા મુકાઈ ગઈ તો મમતા માથી ક્રુરતા થઈ ગઇ,બુવા બુવા કરતા બબુઆ સોધીયાય જડતા નથી ને ઓલા એવોર્ડ વાપસી વાળા તો ચુપ જ છે ! ગઠબંધન ઠગારુ નિકળીયુ ને ઘણી ન્યુઝ ચેનલોના શુર બદલાઈ ગયા હવેતો નમો નમો શિવાય કશુ આવતુ નથી બોલો ?

આ ચુંટણી મા હારથી ખીજાયેલ પપ્પુ એ આંખ મારતા તેની અમીજાન ને પુછ્યુ પણ ખરુ અમી

મતદાર હવે દાદીના સમય જેવા ડફોળ કેમ નથી ? ચશ્માં નિચા કરી ડોળા કાઢતા અમી બોલ્યા નખોદજાય આ મિડીયા વાળા નુ તે ત્યારે આટલા મજબુત ન્હોતા ને આ કાળી ધોળી ડાધી ન્હોતી હવે પંચાત કર્યા વગર ફરી આવ વેકેશનમા બેંગકોક ! ને નાના બાળકની માફક હકારમાં માથું ધુણાવતા પપ્પુએ પુછ્યુ અમી ગુજરાત માથી હાર્દિકભાઈ ને ભેગો લેતો જાવ ત્યા હવે એપણ નવરા થઈ ગયા છે ને બેંગકોક તેમનુ જાણીતુ ખરુને ? ત્યાજ અમીજાન ત્રાડુકીયા ખબરદાર જો તેને લઇ ગયો છે તો આ ગુજરાત મા તેની ઓળખાણ જોઇલીધીને ? કેટલી સીટ આવી ? ને ત્યાં બેંગકોક સાથે લઇ જઇને શુ તારે પણ તારી ડીવીડી બનાવીને આ રહી સહી આબરુ કાઢવીછે ? ને સમજુ બાળકની માફક મોઢામાં લોલીપોપ લઇ પપ્પુ ફરી પાંચ વર્ષ પછીના સતાના સ્વપ્ન જોતો સુઇ ગયો.




# જુનાગઢમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું શીલ્ડ-પ્રમાણપત્રો દ્વારા સન્માન



**શિક્ષણ દિનપ્રતિદિન મોંઘુ થતું જાય છે : અમુભાઇ ભારદીયા**



**વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સંસ્કાર આપવા જરૂરી : ડો. ભાડેશીયા**



**સમાજના સર્વાંગી વિકાસ માટે સંગઠન જરૂરી : ભવાનભાઇ ગજ્જર**

**પ્રવીણ ગજ્જર**

વિશ્વકર્મા સમાજ જુનાગઢ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહનું તા. ૯-૬-૧૯ના રોજ શ્યામ વાડી ખાતે કરવામાં આવ્યું હતું. શ્રી અમુભાઇ ભારદીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને મહેમાનો અને જુનાગઢના આગેવાનોના હસ્તે શિલ્ડ પ્રમાણપત્ર અને શૈક્ષણિક સાધનોની કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આરએસએસના પશ્ચિમ ક્ષેત્રના સંઘ ચાલક ડો. જયંતીભાઇ ભાડેશિયા, રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, જામનગરના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા, એજ્યુ. ટ્રસ્ટ જામનગરના પ્રમુખ મનોજભાઇ પેશાવરીયા, સમાજના અગ્રણી ભવાનભાઇ ગજ્જર(અમદાવાદ), પ્રો.ડી. જે. બાવળેચા, કન્યા છાત્રાલયના વાઇસ ચેરમેન રમેશભાઇ તલસાણિયા અને જુનાગઢના આર્કિટેક્ટ સુરેશભાઇ બદ્રકિયા ઉપસ્થિત રહયા હતા.

મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય અને મહેમાનોનું સ્વાગત થયા બાદ પ્રાર્થના અને સ્વાગત ગીત સરસ્વતી વંદના સખી મંડળની બાળા અને બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

સમાજના ઉપપ્રમુખ શ્રી વલ્લભભાઇ વડગામાએ જુનાગઢ વિશ્વકર્મા સમાજનો પરિચય આપ્યો હતો. બાદમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગીક ઉદબોધન કર્યા હતા.

જામનગર વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ મનોજભાઇ વેકરીયાએ પ્રાસંગીક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પોતાને જે ફીલ્ડમાં રસ હોય તેવા ફીલ્ડમાં આગળનો અભ્યાસ કરાવવાની હિમાયત કરી હતી.

સમાજના અગ્રણી અને વર્ષોથી સમાજમાં સેવાકીય પ્રવૃત્તિ કરતા રહેલા અમદાવાદના શ્રી ભવાનભાઇ ગજ્જરે સમાજના સર્વાંગી વિકાસ માટે સંગઠનની તાતી જરૂરીયાત હોવાનું જણાવી પ્રગતિ માટે શિક્ષણ, સંપત્તિ, સંગઠન અને સમાજના કાર્યકરો એમ ૪ પરીબળો મહત્વનો ભાગ ભજવે છે. તેમણે કહ્યું કે આ ચાર પરીબળો જે સંસ્થા પાસે હશે તે સંસ્થાની પ્રગતિને કોઇ રોકી શકશે નહીં.

તેમણે કહયું કે કોઇ કામ પૈસા વગર અટકતું નથી. વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ દ્વારા ૩૦ વર્ષથી થતી કામગીરીની તેમણે વાકેફ કરી જણાવ્યું હતું કે અમે એમબીબીએસના અભ્યાસ માટે ૧ લાખ રૂા.













વિદ્યાર્થીને આપીએ છીએ ૫૦નું ગ્રુપ બનાવી દરેક બે હજાર આપે છે અને આમ એક લાખ આસાનીથી એકત્ર થાય છે. આ બધુ સંગઠન હોવાથી થાય છે. તેમ સમાજમાં સંગઠન જરૂરી હોવાનુ જણાવ્યું હતું.

સંસ્થાની પ્રગતિ માટે કાર્યકર મહત્વનો હોવાનું જણાવી કાર્યકરમાં સામા પુરે તરવાની તાકાત ઉભી થાય તો આપણો સમાજ અન્ય સમાજ કરતા કયાંય આગળ નીકળી જશે તેમ જણાવ્યું હતું.

જામનગર ગુર્જર સુતાર સમાજના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ સૌ પ્રથમ શિક્ષણની પ્રવૃત્તિ શરૂઆત ૧૯૫૫માં વડગામા વિદ્યા પ્રચારક સંઘ દ્વારા મગન પ્રેમજી વડગામાએ કરી હોવાનું જણાવી કહયુ કે આજે શિક્ષણ મોંઘુ થતું જાય છે. આવી પરિસ્થિતિમાં તેમણે સમાજમાંથી વ્યસન દુર કરવામાં આવે તો કોઇ પાસે પૈસા માટે હાથ લાંબો ન કરવો અને તેમ જણાવી કહયું કે અમારા જામનગરની જ્ઞાતિમાં કારોબારી કે ટ્રસ્ટી મંડળમાં કોઇ વ્યસન ન હોવાનું જણાવી અને વ્યસન મુકત સમાજ નિર્માણ કરવાની હાકલ કરી હતી.





દિલીપભાઇ ભારદીયાએ ગુર્જર સુતાર જ્ઞાતિ જામનગર દ્વારા આશરે પોણા બે કરોડના ખર્ચે બંધાતા એરકન્ડીશન હોલના બાંધકામની માહિતી આપવાની સાથોસાથ એમ પણ કહયું કે આ વિશ્વકર્મા બાગના એ.સી. હોલ થઇ જતા વર્ષે ૫૦ થી ૬૦ લાખની આવક થશે. સમાજને સહયોગ આપવો તે પણ એક જાતનું શિક્ષણ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત અમુભાઇ ભારદીયાએ આજના જમાનામાં શિક્ષણનું શું મહત્વ છે તેની વિસ્તૃત વાત કરવાની સાથોસાથ દિન પ્રતિદિન શિક્ષણ મોંઘુ થતું જતું હોવા અંગે ચિંતા વ્યકત કરી હતી. સમાજના સર્વાંગી વિકાસ માટે સમાજ શિક્ષિત હોવો જરૂરી હોવાનું જણાવી શિક્ષિત સમાજ દ્વારા સમાજનો વિકાસનો સારી રીતે થઇ શકે છે. તેમ પણ જણાવ્યું હતું તેમણે પોતે કેવી રીતે આગળ આવ્યા તેમ વિસ્તૃત વિગતો રજુ કરી હતી. સાથોસાથ રવિ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કઇ રીતે શિક્ષણમાં સહાય કરાય છે. તેની વિગતો પણ જણાવી હતી.

પશ્ચિમ ક્ષેત્રના સંઘ ચાલક ડો. જેન્તીભાઇ ભાડેશીયાએ ભણતરની સાથે ગણતર હોવું પણ જરૂરી છે. તેમ જણાવી વિદ્યાર્થીઓને તેમના રસ અને રૂચી પ્રમાણે આગળ વધવા દેવા જોઇએ. તેમ જણાવ્યું હતું. સમાજમાં શિક્ષણનું શું મહત્વ છે તેની વિસ્તૃત સમજ આપવાની સાથોસાથ સંસ્કાર આપવા પણ જરૂરી છે. તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રો. બાવળેચાએ પણ પ્રાસંગીક ઉદબોધનમાં શિક્ષણનું મહત્વ સમજાવી મા સરસ્વતીને પણ આમંત્રણ આપવું જોઇએ તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ પ્રાસંગીક ઉદબોધનમાં જુનાગઢ સમાજ દ્વારા થતી શિક્ષણ પ્રવૃત્તિને બિરદાવી હતી. રમેશભાઇ ધનસુરાએ પણ પ્રાસંગીક ઉદબોધન કરેલ આભારદર્શન પ્રમુખ સુરેશભાઇ વડગામાએ કર્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન સુનીલભાઇ પંચાસરાએ તેમજ વલ્લભભાઇ વડગામાએ કર્યું હતું.

કાર્યક્રમની જવાબદારી યુવક મંડળના પ્રમુખ મનોજભાઇ સાંકડેચા, યુવક મંડળના સભ્યોએ તેમજ સુશોભનની જવાબદારી સખી મંડળની બહેનોએ કરી હતી. આ પ્રસંગે એલકેજીથી ધો. ૧૨ના ૧૪૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે શીલ્ડ, પ્રમાણપત્ર અપાયેલ સાથોસાથ વિશ્વકર્મા વિશ્વનો શૈક્ષણિક વિશેષાંક પણ વિદ્યાર્થીઓને ભેટ અપાયો હતો.

આ પ્રસંગે કાર્યક્રમમાં વિવિધ શહેરના સમાજના હોદેદારો આગેવાનો વગેરે ઉપસ્થિત રહયા હતા. જેમાં રાજકોટ જ્ઞાતિ અને કન્યા છાત્રાલયના અધ્યક્ષ જગુભાઇ ભારદીયા, કન્યા છાત્રાલયના અને રાજકોટ ગુ.સુ. જ્ઞાતિના ટ્રસ્ટીઓ, જ્ઞાતિના ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા અને કારોબારી સદસ્યો, પ્રગતિમંડળના અધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, કેળવણી મંડળના પ્રમુખ ચમનભાઇ ગોવિંદીયા, પોરબંદરના મુકેશભાઇ બકરાણિયા, માણાવદરના નટુભાઇ છનિયારા, ધોરાજીના જગદીશભાઇ બદ્રકિયા, તાલાલાના ગોપાલભાઇ વડગામા, ખંભાળીયાના હરૂભાઇ વઘાડીયા, ઉપલેટાના રમેશભાઇ ગોવિંદીયા, પડધરીના ભરતભાઇ કડેચા, જામનગર મહિલા મંડળના હીનાબેન અઘેડા, અમદાવાદા ઘનશ્યામભાઇ વણોદીયા, નીતિન પીલોજપરા, સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

## હવે પ્લમ્બર, કડિયા, ઈલેક્ટ્રીશ્યનના નંબર ઘર બેઠા જ મળી રહેશે

# ‘શ્રમ સાફલ્ય’ મોબાઈલ એપ લોન્ચ



**શ્રમિકોને રોજગારી માટે અહીં, તહીં નહીં જવું પડે એપ્લીકેશનના માધ્યમથી મેળવી શકશે રોજગારી**

વાહનોના એકસ્ટ્રા હોર્ન અને સતત વગાડાતા હોર્નસ દ્વારા ફેલાતા ધ્વનિ પ્રદૂષણ વિરુદ્ધ છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટ શહેર ટ્રાફિક પોલીસના સહયોગથી અવિરત ઝુંબેશ ચલાવનાર ફેસબુક ગૃપ સમજુ દેસી હવે રજીસ્ટર્ડ એનજીઓ સમજુ દેસી સોસાયટી સ્વરૂપે સેવાકાર્યો કરવા જઇ રહી છે. એનજીઓ તરીકેની પ્રથમ કામગીરી દ્વારા રાજકોટવાસીઓ માટે સમજુ દેસી એક મોબાઇલ એપ્લીકેશન શ્રમ સાફલ્ય લઇ આવ્યા છે. જે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્કિલ ઇન્ડિયા મિશનથી પ્રેરિત થઇને બનાવવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર બીનાબેન આચાર્યના હસ્તે આ એપનું લોન્ચિંગ કરવામાં આવ્યું. આજે જયારે મહાનગરપાલિકાનો સમગ્ર સ્ટાફ સ્માર્ટ સિટીના રેકિંગમાં તનતોડ મહેનત કરી રહેલ છે ત્યારે આ તબકકે મેયરે આશા વ્યકત કરી કે સ્માર્ટ સિટીને ડિજિટલી સ્માર્ટ બનાવવામાં આ એપ ઉપયોગી નીવડશે. આ એપનો વિચાર સમજુ દેસીના ફાઉન્ડર મેમ્બર સંજીવ જાનીનો છે જેમાં એમની ટીમના ભરત ત્રિવેદી, જયદીપ મનવાણી, શોબન ઉપાધ્યાય, દુબઇ સ્થિત જીજ્ઞેશ વરીયા અને જનાર્દન આચાર્ય વગેરેએ સહયોગી બનીને આ પ્રોજેકટને મૂર્તિમંત કર્યો છે. આ એપ રાજકોટની જ આઇટી કંપની જીટેક દ્વારા ડેવલપ અને મેનેજ કરવામાં આવી રહી છે.

સમજુ દેસી સોસાયટીનું ધ્યેય શ્રમ સાફલ્ય એપ્લીકેશન દ્વારા નાગરિકોની સુખાકારીમાં ઉમેરો કરવાનું અને એવા લોકોને રોજગારી અપાવવાનું છે જે લોકો પાસે પોતાની દુકાન જેવું સેટ-અપ નથી અને જેઓને ચાર રસ્તા પર ભરાતી કારીગરોની માર્કેટમાં કામ શોધવા માટે ઉભા રહેવું પડે છે. હાલમાં ફકત એન્ડ્રોઇડ યુઝરને ધ્યાનમાં લઇને આ એપ લોન્ચ કરવામાં આવી છે. ટૂંક સમયમાં આઇફોન યુઝરને પણ એનો લાભ મળશે.

આ એપ્લીકેશનથી લોકોની સગવડમાં પણ વધારો થશે. હાલમાં લોકોને કારીગર શોધવા જયાં એમની બજાર ભરાય છે ત્યાં અથવા એમની બેઠક હોય એવી હાર્ડવેરની કે ઇલેક્ટ્રીકની દુકાન સુધી જવું પડે છે. એમની સાથે કામનું નકકી કરી સાઇટ બતાવવા લઇ જવા પડે છે. ફરી વખત માલ-મટીરીયલ લેવા બીજો ધકકો થાય છે. આ એપથી લોકો આવા કારીગરોની સાથે ફોન પર ભાવતાલ કરીને સીધા એમને સાઇટ પર બોલાવી શકે છે. જેથી સમય અને ધકકાની બચત થાય છે. સાથે સાથે અસંગઠિત ક્ષેત્રમાં કામ શોધી રહેલા હજારો કડિયા, પ્લંબર, ઇલેક્ટ્રિશિયન, કલર કામના કારીગરો તથા દહાડિયા મજુરોને માટે આશીર્વાદરૂપ બનશે જેમને ટાઢ-તડકો-વરસાદ વેઠીને પણ ચોકમાં ભરાતી બજારમાં કામની રાહમાં ઉભા રહેવું પડે છે.

આ એપ્લીકેશન દ્વારા તમારા સ્માર્ટફોનમાં બે-ચાર બટન દબાવવાથી આ પ્રકારના કારીગરોનો ખુબ સહેલાઇથી સંપર્ક મળશે. વિશેષમાં, આ એપ્લીકેશનમાં કારીગરના સંતોષજનક કામ માટે રેટિંગ તથા રીવ્યુની સુવિધા પણ છે જેથી લોકોને ભરોસાપાત્ર માણસો મેળવવા સહેલા પડશે. આમ આ બંને વર્ગ સેવા મેળવનાર અને સેવા આપનાર માટે સગવડભરી એપ્લીકેશન માત્ર સમાજને ઉપયોગી થવાના હેતુથી સમજુ દેસી સોસાયટીએ લોન્ચ કરી છે. વધુ માહિતી ફેસબુક પેઇજ સમજુ દેસી પર મેસેજ કરીને મેળવી શકો છો.

## પોરબંદરની માનસી કરગથરા જામનગર જિલ્લામાં પ્રથમ



શિક્ષણ ક્ષેત્રે સંસ્કાર ઘડતર કરતી ધ્રોલની અગ્રીમ સંસ્થા શ્રી એમ.ડી. મહેતતાડી.એલ.એડ. કોલેજના આચાર્ય શ્રી હિનાબેનની પુત્રી માનસી ગજજરે ૮૮.૬૬ ટકા સાથે એફ.વાય. ડી.એલ.ડી.માં જામનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તાજેતરમાં ગાંધીનગર રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ પ્રાથમિક શિક્ષક માટેના અભ્યાસક્રમની પ્રથમ વર્ષની પરીક્ષામાં જામનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી પ્રભુભાઇ ગજજર (નાના), જયેશ ગજજર (મામા), ગુર્જર સુથાર જ્ઞાતિનાં વડાઓ, સંસ્થાઓ સેક્રેટરીશ્રી સુધાબેન ખંઢેરીયા, શ્રી હંસાબેન મહેતા તથા સ્ટાફ પરિવારે અભિનંદન સાથે આદર્શ શિક્ષક બનવા તરફ ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી છે.

ગજ્જર સ્પોર્ટસ કલબ-રાજકોટ આયોજીત સ્વ. હર્ષદભાઇ ખંભાયતા સ્મૃતિ કપ : ૨૪મી રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ

# અમદાવાદની કહાન ઈલેવન ચેમ્પિયન, રાજકોટની વિશ્વકર્મા ઈલેવન રનર્સ અપ






ગજ્જર સ્પોર્ટસ કલબ રાજકોટ દ્વારા સ્વ. હર્ષદભાઇ ખંભાયતા સ્મૃતિ કપ ૨૪મી રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ રાજકોટના કાલાવડ રોડ પર ડ્રાઇવઇન સિનેમા ખાતે રમાઇ. તા. ૮-૬-૧૯ થી ૧૫-૬-૧૯ દરમ્યાન ગુર્જર સુતાર સમાજની ૨૮ ટીમો વચ્ચે રોમાંચક મેચો રમાડવામાં આવી.

આ ટુર્નામેન્ટ દર વર્ષની જેમ અનીલ એન્જિ. વર્કસ વાળા સ્વ. હર્ષદભાઇ ખંભાયતાની સ્મૃતિમાં તેમના પત્ની શ્રીમતી ઉર્મીબેન હર્ષદભાઇ ખંભાયતા તથા તેમના પુત્ર શ્રી હાર્દિકભાઇ હર્ષદભાઇ ખંભાયતાના સહયોગથી રમાડી હતી. જેઓએ ૨૫ વર્ષ પહેલા ગજ્જર સ્પોર્ટસ કલબની સ્થાપના કરીને જીવન પર્યંત પ્રમુખપદ સંભાળીને ગુર્જર સુતાર જ્ઞાતિના યુવાનોમાં રમતગમતની ભાવના કેળવી.

તા. ૮ના રોજ નાના બાળકના હસ્તે દિપપ્રાગટય કરીને ટુર્નામેન્ટનો પ્રારંભ થયેલ. આ ટુર્નામેન્ટમાં દરરોજ રાજકોટના નામાંકિત ઉદ્યોગપતિઓ, રાજકીય અગ્રણીઓ, સરકારી અમલદારોના શુભહસ્તે દરરોજ ઇનામો અપાયા હતા. તેમજ તેઓના હસ્તે ટોસ કરાવવામાં આવતા.

આ ટુર્નામેન્ટના મુખ્ય આકર્ષણોમાં એલઇડી સ્ટમ્પ, એલઇડી બેલ્સ, ડી.જે. ધમાલ, અદ્યતન સ્કોરબોર્ડ, ગ્રાઉન્ડ વ્યવસ્થા, વીઆઇપી સીટીંગ, લેડીઝ સીટીંગ, સ્ટેટ પેનલ અમ્પાયરો, સ્કોરરો, ગ્રાઉન્ડમેનો, કોમેન્ટ્રી બોકસ, લાઇવ કોમેન્ટ્રી, બહારગામના ખેલાડીઓને રહેવા તથા જમવાની સુવિધાઓ તેમજ દરરોજ હારેલી ટીમોને અને મેન ઓફ ધ મેચને શીલ્ડ આપવામાં આવ્યા હતા.










આ વર્ષે ૨૩ વર્ષ બાદ પ્રથમ વખતે ૬૫' ઉંચા ઇન્ટરનેશનલ સ્ટેડીયમ ટાઇપ ૪ લાઇટીંગ ટાવરોમાં ટુર્નામેન્ટ રમાઇ જેનો સર્વે ખેલાડીઓને ખુબ જ આનંદ વ્યકત કર્યો હતો.

પ્રથમ સેમીફાઇનલ મેચ રાજકોટની વિશ્વકર્મા ઇલેવન અને અમદાવાદની બ્રધર્સ ઇલેવન વચ્ચે રમાઇ. જેમાં અમદાવાદના બ્રધર્સ ઇલેવન પરાજીત થતા રાજકોટની વિશ્વકર્મા ઇલેવન ફાઇનલમાં પહોંચી હતી.

બીજી સેમીફાઇનલ મેચ અમદાવાદની કહાન ઇલેવન તથા અમદાવાદની યુથ ફોરમ ઇલેવન વચ્ચે રમાઇ હતી. જેમાં અમદાવાદની યુથ ફોરમ ઇલેવન પરાજીત થતા અમદાવાદની કહાન ઇલેવન ફાઇનલમાં પહોંચી હતી.

ફાઇનલ મેચ અમદાવાદની કહાન ઇલેવન અને રાજકોટની વિશ્વકર્મા ઇલેવન વચ્ચે રમાઇ જેમાં રાજકોટની વિશ્વકર્મા ઇલેવનના જીજ્ઞેશ સંચાણિયાએ ટોસ જીતીને બેટીંગ લીધેલ અને ૧૪ ઓવરમાં કુલ ૧૧૨ રન બનાવેલ જયારે બીજા દાવમાં અમદાવાદની કહાન ઇલેવનએ રઘાના ૭૪ રનની ધુંવાધાર બેટીંગની મદદથી ૧૧.૨ ઓવરમાં ૧૧૩ રન કરીને ફાઇનલ મેચ જીતી લીધેલ હતી અને ગ્રાઉન્ડમાં અમદાવાદની કહાન ઇલેવનને જીતની ખુશી નાચીને અને ઝુમીને ઉજવી હતી.

છેલ્લા ૨૨ વર્ષથી ગજજર સ્પોર્ટસ કલબની ટુર્નામેન્ટમાં કોમેન્ટ્રી આપનાર શીરીષભાઇનું સન્માન પ્રમુખ યોગીન છનિયારાએ કરેલ.

ગ્રાઉન્ડ મેન, સ્કોરરો, અમ્પાયરો ને મોમેન્ટો આપીને સન્માનીત કરાયા હતા.આ ટુર્નામેન્ટમાં વિવિધ ક્ષેત્રનાં ધંધાર્થીઓ, ઉદ્યોગપતિઓ તથા સમાજના દાતાઓએ સહયોગ આપ્યો હતો અને બહારગામથી સમાજના અગ્રણીઓ અને વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ પણ ટુર્નામેન્ટમાં પધાર્યા હતા તે બદલ ગજજર સ્પોર્ટસ કબલનાં પ્રમુખ યોગીનભાઇ છનિયારાએ આભાર માન્યો હતો અને સન્માન કર્યું હતું.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ગજજર સ્પોર્ટસ કલબના પ્રમુખ યોગીનભાઇ છનિયારાની આગેવાની નીચે ગ્રાઉન્ડ સમિતિ, આયોજક સમિતિ, ઉતારા સમિતિ, ટીમ મેનેજમેન્ટ સમિતિ, સ્પોન્સર સમિતિ, પી.આર. સમિતિ, એકાઉન્ટ સમિતિ, કેન્ટીન સમિતિ, જમણવાર સમિતિ, કોમેન્ટ્રી બોક્ષ સમિતિ તથા પાણી સમિતિની રચના કરવામાં આવેલ. કારોબારી સમિતિના ઉપપ્રમુખ વૈભવ તલસાણિયા, પ્રજેશ છનિયારા, મહામંત્રી કલ્પેશ સંચાણિયા, રીતેષ ધ્રાંગધરીયા, મંત્રી હાર્દિક ખંભાયતા, અનિલ ધ્રાંગધરિયા, સહમંત્રી દિપક પીલોજપરા, વિનીત છનિયારા, ખજાનચી હિરેન ભાડેશીયા, સહખજાનચી ઉમેશ તલસાણિયા તથા કારોબારી સભ્યોએ પણ જહેમત ઉઠાવી હતી.


વિશ્વકર્મા વિશ્વ

## ગ્રાહકો માટે ખાસ SMS સુવિધા

**વિશ્વકર્મા વિશ્વ દર મહિનાની ૧૦ તારીખે રવાના થાય છે. પોસ્ટ ખાતાની બેદરકારીને કારણે ગ્રાહકોને અંક ન મળે તો તા.૨૦ થી ૨૫ પછી કસ્ટમર કેર નં. ૯૪૨૬૨ ૨૯૫૬૫ પર પોતાના પુરા નામ, એડ્રેસ અને લવાજમ પહોંચમાં લખાવેલ મોબાઇલ નંબર સાથે મેસેજ કરવો. મેસેજ ન મળતા હોય તો ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર સંપર્ક કરવો. – વ્યવસ્થાપક.**

# હિરલ ભાડેશિયાના લગ્નનો રૂા. ૫૧૧૧૧નો ચાંદલો જ્ઞાતિને સમુહલગ્ન માટે અર્પણ

## સ્વ. કુંવરજીભાઇ ભાડેશિયા પરિવાર પ્રેરણારૂપ બને છે





રાજકોટના સ્વ. કુંવરજીભાઇ રામજીભાઇ ભાડેશિયા પરિવારના મુકેશભાઇ કુંવરજીભાઇ ભાડેશીયાની પુત્રી હિરલના લગ્નમાં આવેલ ચાંદલાની રકમમાં ઉમેરો કરો રૂા. ૫૧૧૧૧ની રકમ સ્વ. કુંવરજીભાઇ ભાડેશીયા પરિવારે ગુર્જર સુતાર જ્ઞાતિને અર્પણ કરીને સમાજને નવી રાહ ચીંધી છે.


મુકેશભાઇની પુત્રી હીરલના લગ્નપ્રસંગે તેમણે જાહેરાત કરી હતી કે લગ્ન પ્રસંગે ચાંદલાની જે રકમ આવે તેમાં ઉમેરો કરીને ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા યોજાતા સમુહ લગ્નમાં ભેટ આપશે. આ જાહેરાતનો અમલ તેઓએ મંદિરને ૫૧૧૧૧નો ચેક આપીને કર્યો છે. આ પહેલા પણ તેમણે લગ્ન પ્રસંગે આવેલ ચાંદલાની ૫૧૧૧૧ રકમ પણ મંદિરને ભેટ આપી હતી. આમ આ પરિવારે બે વર્ષના ટુંકા ગાળામાં લગ્ન પ્રસંગે મળેલ એક લાખ બે હજાર બસો અગિયાર રૂા. જેવી રકમ જ્ઞાતિને સમુહ લગ્ન માટે આપી છે.

મુકેશભાઇની પુત્રી હીરલના લગ્ન ૭/૫/૧૯ના રોજ યોજાયા બાદ તા. ૫-૬-૧૯ના સ્વ. કુંવરજીભાઇ રામજીભાઇ પરિવારના રતિભાઇ, મહેશભાઇ અને મુકેશભાઇ, મહેશભાઇ અને રતિલાલભાઇએ ગુર્જર સુતાર જ્ઞાતિના વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે જઇ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાને ૫૧૧૧૧નો ચેક અર્પણ કર્યો હતો. આ સમયે ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા પણ ઉપસ્થિત રહયા હતા. પ્રમુખ અને ઉપપ્રમુખ બંનેએ ત્રણેય ભાઇઓનું અભિવાદન કર્યું હતું અને આ ઘટના સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બનશે તેવી શ્રદ્ધા પણ વ્યકત કરી હતી.

# ભૂમિત બોરાણિયાને કમ્પ્યુટર ઇજનેર બનવું છે



આઇટીઆઇમાં સુપરવાઇઝર તરીકેની ફરજ બજાવતા અને નિલકંઠ પાર્કમાં રહેતા દિનેશભાઇ અને મનિષાબેનના પુત્ર ભુમિતે એસએસસીમાં ૯૧.૧૧ પીઆર મેળવી બોરાણિયા પરિવારનું નામ રોશન કર્યું છે.




ભૂમિતની ઇચ્છા કમ્પ્યુટર ઇજનેર થવાની છે અને આ માટે એવીટીપી ઇન્સ્ટીટયુટમાં પ્રવેશ મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે.

ભૂમિતને કમ્પ્યુટર તેમજ કમ્પ્યુટર પર ગેઇમ્સ રમવાનો શોખ છે.

ભૂમિતના માતા મનિષાબેન પણ શિક્ષિત છે તેમણે સીટીએનસીનો કોર્ષ કર્યો છે. અને હાલમાં શિવણને લગતુ કામ પોતાના ઘેર કરે છે.


પ્રવિણભાઇ એન. વડગામા
૯૨૨૮૭ ૪૮૨૩૩

કેતન વી. વડગામા
૯૮૯૮૧ ૮૦૦૦૯

**બાલાજી એલ્યુમિનિયમ**



- Z સેક્સન અને તેનું EPDM રબ્બર મળશે.
- દરેક પ્રકારના એલ્યુમિનિયમ સેક્સન પાઇપ મળશે.
- બેકેલાઇટ (ઇન્ડસ્ટ્રીયલ) સીટ હોલસેલ અને રીટેઇલ ભાવે મળશે.
- ડોર-વિન્ડો-પાર્ટીશન બનાવી આપશું તથા તેને લગતુ ફિટીંગ મળશે.

મેઇન બ્રાન્ચ : વિશ્વેશ્વર મંદિર પાસે, મવડી મેઇન રોડ, રાજકોટ-૪.
Email: balajialuminiumrajkot@gmail.com

# આજ્ઞાંકિત

**- નટવર આહલપરા**

આંજ્ઞાકિતનો સરળ અર્થ એ છે કે, આજ્ઞામાં રહેનારું હુકમ પ્રમાણે કરવા તત્પર, કહ્યાગરું, વડીલો કહેતા હોય છે કે ખરેખર એમના સંતાનો ભારે આજ્ઞાંકિત છે. કોઇપણ આજ્ઞા માથે ચઢાવે છે.

સાંદિપની ઋષિ પાસે ભણેલા કૃષ્ણ, બલરામ અને સુદામા બહુ જ આજ્ઞાંકિત હતા. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન વિશ્વામિત્ર, વસિષ્ઠના પૂરેપૂરાં આજ્ઞાંકિત હતા. અર્જુનના સારથી ભલે કૃષ્ણ હતા પણ જયારે અર્જુન નાસીપા થતો હતો ત્યારે કૃષ્ણના વેણને અર્જુને આજ્ઞાંકિત બની ઝીલ્યાં છે.

આમ તો આજ્ઞાનું મૂળ વિવેકમાં છે. વિનમ્રતાથી માણસ આજ્ઞાંકિત બને છે. રામાયણ, મહાભારત અને ભાગવતમાં આજ્ઞાંકિત શિષ્યોના અનેક પ્રસંગો મળે છે. કેટલાક લોકો આજ્ઞા મળવાથી પોતાની જાન ગુમાવવા પીછેહટ કરતા નથી. આજ્ઞાનું પાલન કરવું એ તો મોટો સદગુણ છે. આજ્ઞાકારી હોવું એ પણ સારા વ્યકિતત્વની નિશાની છે.

બાળક, કિશોર, યુવાન, સ્ત્રી-પુરુષ બધાં આજ્ઞાંકિત બની રહે તો ઘણી સમસ્યા હલ થઇ જાય. કેટલાય આજ્ઞાંકિત લોકો કોઇની પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. કોઇનો પણ પડયો બોલ ઉપાડી લેતા હોય છે. આજ્ઞાંકિત વ્યકિતની પ્રતિભા જ સૌથી અલગ હોય છે. આજ્ઞાંકિત હોવું એ પણ સદભાગ્યની નિશાની છે.


શું તમે ફીટ અને તંદુરસ્ત રહેવા માંગો છો ?



વજન

ઘટાડવું-વધારવું

વજન ઘટાડો
વજન વધારો
સ્ફૂર્તિ અને તંદુરસ્તી
બાળકોનો વિકાસ


બન્યું સહેલું અમને પૂછો કેવી રીતે ?
તંદુરસ્ત જીવનશૈલી વિશે જાણો.

*Result are not typical and may vary from person to person.

Monika Sinroja
9960499849


# વિશ્વકર્મા વિશ્વ

## લવાજમમાં ૫૦ રૂા.નો નજીવો વધારો



કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા મેગેઝીનનો પ્રોડકશન ખર્ચ પ્રતિદિન વધતો જાય છે. વિશ્વકર્મા વિશ્વનું વાર્ષિક લવાજમ નવેમ્બર-૨૦૧૩માં ૨૫૦ કર્યા બાદ છેલ્લા છ વર્ષમાં કાગળના ભાવમાં ૧૦૦ ટકા જેટલો વધારો થયો છે. સાથોસાથ અન્ય પ્રોડકશન ખર્ચ પણ દિનપ્રતિદિન વધતો જતો હોવાનું ધ્યાનમાં લઇને વિશ્વકર્મા વિશ્વનું વાર્ષિક લવાજમ ૫૦૦ રૂા. કરીએ તો પણ પરવડે નહીં પરંતુ વિશ્વકર્મા વિશ્વનો લાભ છેવાડાનો માનવી વધુને વધુ લઇ શકે તે ધ્યાનમાં રાખી લવાજમ વધુ વધારવાને બદલે જુલાઇ-૧૯થી વિશ્વકર્મા વિશ્વના વાર્ષિક લવાજમમાં ૫૦ રૂા. જેવો નજીવો વધારો કરી વાર્ષિક લવાજમ ૨૫૦ને બદલે ૩૦૦ કરવાની નાછૂટકે ફરજ પડી છે. જેની ગ્રાહકોએ ખાસ નોંધ લેવા વિનંતી.

## હવે કુરીયર દ્વારા પણ વિશ્વકર્મા વિશ્વ મેળવો

વિશ્વકર્મા વિશ્વ દર મહિને ૧૦ તારીખે પોસ્ટમાં રવાના કરાય છે. ત્યારબાદ ૨૦ તારીખે તમામ ગ્રાહકોને એસએમએસ કરી અંક ન મળ્યો હોય તો તુરંત એસએમએસ કે ફોન દ્વારા (કસ્ટમર કેર - મો. ૯૪૨૬૨ ૨૯૫૬૫) જાણ કરવાનું કહેવાય છે. આવો મેસેજ મળતા જ અમે બીજો અંક રવાના કરીએ છીએ. પરંતુ કેટલાક ગ્રાહકો દ્વારા કુરીયર ચાર્જ લઇ કુરીયર દ્વારા અંકો મોકલવા માંગણી કરતા હોવાનું ધ્યાનમાં લઇ જુલાઇ-૧૯થી કુરીયર દ્વારા પણ વિશ્વકર્મા વિશ્વ મોકલવાની વ્યવસ્થા ગોઠવાઇ છે. લવાજમ ઉપરાંત કુરીયરનો વધારાનો ચાર્જ ગ્રાહકોએ આપવાનો રહેશે જે નીચે પ્રમાણે રહેશે.

**કુરીયર ચાર્જ**

રાજકોટ શહેરના ગ્રાહકો માટે ..... ૧૦૦ રૂા.
સૌરાષ્ટ્રના ગ્રાહકો માટે ........... ૧૫૦ રૂા.
ગુજરાતના ગ્રાહકો માટે .......... ૨૦૦ રૂા.
ગુજરાત બહારના રાજ્ય માટે .... ૩૦૦ રૂા.

# આત્મ વિશ્વાસ

ખલિલ-જિબ્રાન એ સાહિત્ય જગતમાં બહુ જાણીતું અને માનીતું નામ છે. ખલિલ જિબ્રાનનું જીવન એ જ એનો ઉપદેશ હતો. લોકોને ઉપદેશ આપવાને બદલે જીવનમાં કઇ રીતે વણી લેવો તે તેમના જીવનમાં શીખવા મળે છે.

ખલિલ જિબ્રાન એક વખત પોતાના શિષ્ય સાથે બેઠા હતા. વિચારોની ગોષ્ઠી ચાલતી હતી. તેવા સમયે એક માણસ ઢસડાતો ઢસડાતો, લથડીયા ખાતો આવે છે તે માણસ જીવનથી નિરાશ થઇ ગયો હતો તેને કોઇએ ખલીલ જિબ્રાનને મળવાનું કહયું હતું તેથી તે આવ્યો હતો. તે ખલિલ જિબ્રાન પાસે જે શિષ્યો બેઠા હતા. ત્યાં માંડ માંડ બેઠો. ત્યારે ખલિલ જિબ્રાને તેને પ્રેમથી પુછયું, બોલ તને શું કહેવું છે ભાઇ ? જે કહેવું હોય તે તું કોઇપણ સંકોચવગર કહે, કેમ કે આપણે બંને સરખા જ છીએ ત્યારે પેલા માણસને આંખોમાં થોડી ચમક આવી અને કહયું, મેં ખુબ પાપ કર્યા છે. તેથી મને જીવન જીવવાનો હકક નથી ત્યારે ખલીલ જિબ્રાને કહયું, ઓહો મે પણ પાપ કર્યા છે.

ફરીથી તે માણસે કહયું, મે તો ઘણા બધા લોકોને હેરાન કર્યા છે. સુખેથી રહેવા દીધા નથી.

ખલિલ જિબ્રાને શાંતિથી કહયું, એવું તો મેં પણ કર્યું છે.

હતાશ થયેલા માણસની આંખ ચમક આવી અને કહયું, તમે પણ આવા પાપ અને કૃત્યો કર્યા છે ? પણ મેં તો ચોરી, લુંટ અને આગળ કહું તો હત્યા પણ કરી છે.

ત્યારે ખલિલ જિબ્રાન કહે, ઓહો ! મે પણ ચોરી, લુંટ કરી`.

આમ ખલિલ જિબ્રાન પેલા માણસની દરેક બાબતમાં હકાર પુરાવા લાગ્યો અને પેલો માણસ સ્વસ્થ થવા લાગ્યો અને ઉભો થઇને સડસડાટ ત્યાંથી ચાલ્યો ગયો.

હવે ખલિલ જિબ્રાનના શિષ્યોથી ન રહેવાયું અને કહયું, તમે શા માટે જુઠ્ઠુ બોલ્યા, તમે તો કદી પાપ અહિંસા, ચોરી, લૂંટ કે હત્યા કરી નથી તો તેનું કારણ શું ? એને તમારા પરની શ્રધ્ધા ઉડી ગઇ અને ચાલ્યો ગયો.

ખલિલ જિબ્રાને બહુ સરસ ઉત્તર આપ્યો, તેને મારા પરની શ્રધ્ધા કરતાં તેના પર આત્મવિશ્વાસ જાગે તે બહુ જરૂરી હતું. હવે તે નવેસરથી જીવન શરૂ કરશે અને મારાથી તેના જીવનમાં આત્મવિશ્વાસ સંચાર થયો. તો ભલે મને ભુલી જાવ પણ તે તેને પોતાને યાદ રાખશે.

આમ સાચા સંતો, મહંતો ફકીરો, ઓલિયાઓ, અવતારો, વિદ્વાનો બધા લોકોના જીવનમાં અજવાળું ફેલાય તે માટે પોતાની જાતને પણ ભુસી નાખતા હોય છે.આત્મવિશ્વાસ એ અ એવી જડીબુટ્ટી છે જે માણસને ટટ્ટાર રાખે છે. ગીતા જેવા ગ્રંથમાં પણ ભગવાન કૃષ્ણે અર્જુનને જયારે યુદ્ધ લડવા માટે ના પાડે છે ત્યારે કતિષ્ઠ કૌનતો કહીને તૈયાર કર્યો છે તું નહીં લડે તો બીજા કોઇ લડશે તું નહીં મારે તો બીજા કો મારશે માટે યુદ્ધનો નિશ્ચય કર એમ કહીને તેનામાં આત્મવિશ્વાસ ભર્યો છે. ભગવાન મારી જોડે છે, એ વાત જો પ્રતીત થઇ જાય તો આત્મવિશ્વાસ કયારેય ડગતો નથી.

**- વર્ષાબેન એસ. રાણપરીયા**

# કઠપુતરી

## (અછાંદસ કવિતા)

– ભાવિનભાઇ રાજેન્દ્રભાઇ કથ્રેચા



ક્યાં સુધી આમ નાચતી રહીશ
આ બેદર્દ પુરુષપ્રધાન સમાજમાં ?
બનીને કઠપુતળી નાચી રહી છું,
માત્ર બદલાતા રહયા છે નચાવનારા
પહેલા દોર હતી મારા પિતાના હાથમાં
ન ભણાવી, ન ગણાવી માત્ર પરણાવી
એપણ ઉંમરે કાચી, તે વળી
દોર આવી મારી પિતાને બદલે પતિના
હાથમાં, તેને પણ બહૃ નચાવી
આપી મને શારીરિક–માનસિક ત્રાસ
કદી ન સાંભળી મારી વેદનાની વાત
જેમ–તેમ પસાર કરી દિવસો – જવાની
ગઇ. ને આવ્યો બુઢાપો બહૃ ખોટો
તે વળી દોર આવી મારી પતિને બદલે
દિકરાના હાથમાં, તેને પણ બહૃ નચાવી
બનીને પત્નીનો ગુલામ, આપ્યો મને
ઘરનો એકાંત, વેરાન ઓરડો
ક્ષીણ થઇ ગઇ છે, હવે તો આ કાયા
મુકી દીધી છે જગતની સઘળી માયા
જીવન બન્યું છે એકાંત–સુનમય હવે
તો રાહ જોવું છું ભાવિન, ક્યારે દોર
આવે આ મારી બસ ઉપરવાળાના હાથમાં ?

# મુંબઈમાં ઓકટોબરમાં જીવનસાથી સ્નેહ સંમેલન

વિશ્વકર્મા બાગ મુંબઇ દ્વારા ૧૩, ઓકટોબરના રોજ જીવનસાથી સ્નેહ સંમેલન યોજાયું છે. જેમાં ભાગ લેવા ઇચ્છતા લોકો વિશ્વકર્મા વિશ્વના પાના નં. ૩૧ પર આપેલ ફોર્મ ભરી મોકલી શકે છે. વધુ વિગત માટે મેરેજ બ્યુરો કમિટીના સભ્યોનો સંપર્ક કરવો. સંપર્ક : નરેન્દ્ર વડગામા(ટ્રસ્ટી) મો. ૯૮૨૦૯ ૮૨૯૬૨, વિઠ્ઠલભાઇ અઘેડા-મો. ૯૭૦૨૦ ૨૦૫૮૨, ચંદુભાઇ પીસાવડીયા-મો. ૯૮૨૧૧ ૯૨૧૯૫, સમતાબેન મહીધરીયા (મહિલા મંડળના અધ્યક્ષ)-મો. ૯૮૭૦૨ ૬૩૨૧૩, ઇન્દુબેન નરેન્દ્રભાઇ વડગામા-મો. ૯૩૨૩૯ ૮૮૯૫૩



# શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, મુંબઈ

## જીવન સાથી સ્નેહ સંમેલન

**તા ૧૩-૧૦-૨૦૧૯ રવિવાર સવારે ૧૦ ૦૦ કલાકે**



ઉમેદવારનો ફોટો
ફોટા ને સ્ટેપલર કે
ટાંકણી મારવી નહીં

નં. ______ | ઉમેદવાર 1 + વાલી 2 | કુલ = 3

અટક
Surname ______

ઉમેદવારનું નામ
Candidate's Name ______

પિતા / વાલીનું નામ
Parent's Name ______

માતાનું નામ
Mother's Name ______

ઘરનું સરનામું
Residence Address ______

ઓફીસનું સરનામું
Office Address ______

અભ્યાસ
Education ______

વ્યવસાય વિગતવાર
Occupation provide in detail ______

ઈ-મેઈલ
e-mail ______

ચશ્મા - હા / ના
Spectacles - Yes / No ______

અન્ય : ☐ શારીરીક ખોડખાંપણ ☐ વિધવા ☐ વિધુર ☐ છુટાછેડા ☐ કાઈપણ નહિ
Others : ☐ Handicap ☐ Widow ☐ Divorcee ☐ None

- S.T.D. કોડ
- ફોન ઘર / Tel. Res.
- ફોન ઓ. / Tel. Off.
- વાલી મો. / Parent's Mob.
- ઉંચાઈ / Height — વજન / Weight
- જન્મ તારિખ / Date of Birth
- જન્મ સમય / Time of Birth
- જન્મ સ્થળ / Place of Birth
- ગામનું નામ / Native Place
- મોસાળ અટક / Mosal Surname
- ગોત્ર / Gotra
- મંગળ / શનિ / Mangal / Sani
- વાર્ષિક આવક - ઉમેદવાર / Yearly Income - Candidate

નિયમ : ઉમેદવારે આધાર કાર્ડ અથવા જન્મ દાખલાની તેમજ એજ્યૂકેશલ સર્ટીફિકેટની નકલ ફરજીયાત આપવાની રહેશે.

આ ફોર્મની માહિતી વેબ સાઈટ ઉપર મૂકવા માટે મંજૂરી આપીએ છીએ.

ઉમેદવારની સહી - Sign of Candidate          પિતા માતાની સહી - Sign of Parents

સૂચના : શ્રી ગુર્જર સુતાર સમાજના સભ્યોના અપરણીત યુવક / યુવતિ મુંબઈમાં કે બહારગામ રહેતા યુવા પરિચય સંમેલનમાં ભાગ લઈ શકશે. એક ઉમેદવાર માટે એક જ ફોર્મ ભરવું વધારે ફોર્મની જરૂર હોય તો ફોર્મની કોપી કાઢીને ભરીને મોકલવું. પરિચય સંમેલનમાં ભાગ લેનાર ઉમેદવાર ફોર્મની સંપૂર્ણ વિગત ભરી તેની કોપી સાથે કવર ઉપર જીવન સાથી લખીને નીચે જણાવેલ સરનામે મોકલવાની રહેશે. ફોર્મ સ્વચ્છ સારા અક્ષરે ભરવાનું રહેશે. છેકછાકવાળા કે અધુરી વિગત વાળા ફોર્મ ઉપર ધ્યાન આપવામાં આવશે નહિં. ફોર્મમા સંપર્ક અને કાયમી નિવાસ સ્પષ્ટ સંપૂર્ણ લખવા જરૂરી છે. સંમેલન ઓળખવિધી બાદ વધુ જાણકારી માટે વાલીઓએ પોતાની રીતે એક બીજાને સંપર્ક કરવાનો રહેશે. સગાઈ થાય તો સંસ્થાને જાણ કરવા નમ્ર વિનંતી.

ખાસ નોંધ : ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ ૩૦/૦૯/૧૯ છે.

ફોર્મ ભરીને મોકલવાનું સરનામું તથા વધુ માહિતી માટે સંપર્ક કરો **શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ (મુબંઈ)**

૩૬/૩૭, બજાજ રોડ, વિલે પાર્લે (વે), મુંબઈ - ૪૦૦ ૦૫૬. ફોન : 022 2671 2421, 2628 3948

ફોર્મ ભરીને ઈ-મેઈલ તથા વોટસએપ કરી શકો છો Whatsapp : 8767445202 ઈ-મેઈલ : vishwakarmabaugmumbai@gmail com

## સંપાદકની વાત...



બાલમિત્રો, આનંદમાં ને, વિશ્વકર્મા વિશ્વ બાળ વિશ્વ આપને માટે હંમેશા કંઇક નવીન રજુઆતો લઇને આવે છે. બાળ સાહિત્યની સામગ્રી પીરસતા અતિ આનંદ થાય છે.

બાલ દોસ્તો, આ વર્ષે આપણે સૌ ભારતવાસીઓ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહયા છીએ. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી એક મહા માનવ હતા. ગાંધીજીને સમજવા, જાણવા અને આપણા દરેક કાર્યોમાં ગાંધીને સ્વીકારવા. ગાંધી મુલ્યો જીવન કૌશલ્યો શીખવે છે. ગાંધીજીને વંદન

આપ સૌને જીવનમાં આગળ વધવા માટે શ્રમ, સફાઇ, ચોકસાઇ, મહેનત, સમાનતા, સત્ય વિગેરે મુલ્યો કામ લાગશે. ગાંધીજી કહેતા મારુ જીવન એ જ મારી વાણી મારું જીવન એ જ મારો સંદેશ. બાપુના જીવન પ્રસંગો વાંચજો. પ્રેરણા મળશે. આવજો.

**- સંપાદક (મો. ૯૯૭૯૨ ૩૭૨૫૯)**



# કેન્ડી હું ખાઇશ....ને ઠંડો ઠંડો થાઇશ...!! (બાળવાર્તા)

- ભારતીબેન ગોહિલ

લીમડાનું એક મોટું થડ. થડની નીચે દર. આ દરમાં ઘણા જ મકોડા રહે. એમાંનો એક મકોડો. તેનું નામ કીકુ. ઉનાળાના ગરમીના દિવસો ચાલી રહયા હતા પણ ઉંડે દરમાં તો બહુ જ ઠંડક. તેથી બહારની ગરમીની કાંઇ ખબર જ ન પડે.

એક દિવસ બરાબર બપોરનો સમય. સૂરજદાદા માથે ચડયા. કીકુ એની માને કહે. મા... મા... હું બહાર ફરવા જાઉં ? સાંભળીને તેની મા કહે, અલ્યા, ગાંડો થઇ ગયો છો કે શું ? બહાર કેટલી ગરમી છે એની તેની ખબર છે કાંઇ ? કિકુ તો થોડીવાર વિચારવા લાગ્યો. પછી કહે, મા... મા... ભલે ને ગરમી હોય... હું છે ને... મા કહે, શું છે ને ?

તો કીકુ કહે, કેન્ડી હું ખાઇશ. ઠંડોઠંડો થાઇશ. મા કહે, કીકુ... તને એવું લાગે છે કે તારા માટે ત્યાં કેન્ડી તૈયાર જ હશે. કયાંથી લઇશ ને કેમ ખાઇશા ? આ તો કીકુ... પકડે એ મૂકે નહીં... ના... મા... હું તો જાઉ છું. કરતો ઉપડયો.

ભરબપોરે. ખૂબ તાપ ને ખૂબ ગરમી. વટમાં ને વટમાં તે તો ઉભી બજાર ચાલ્યો. માથું તપે પગ બળે તોય જાય ચાલ્યો... જાય ચાલ્યો... ધીમે ધીમે અકળામણ વધવા લાગી. ચારેબાજુ જુએને ને કેન્ડી શોધ ! માના શબ્દો યાદ આવે. લઇશ કે કેમ ખાઇશ ? ને આજુબાજુ જુએ.

થોડું ચાલ્યો ત્યાં કેન્ડીની દુકાન આવી. એક છોકરો

ખાતો ખાતો નીકળ્યો ને કેન્ડી પડી નીચે. છોકરો તો નીચે પડેલી કેન્ડી છોડી નવી લઇ આવ્યો ને ખાવા લાગ્યો.

કીકુને તો મજા પડી ગઇ. સરરર કરતો દોડયો ને કેન્ડી પર ચડી ગયો. માંડયો ખાવા. થોડીવાર થઇ ત્યાં તો પગ લપસ્યો. વળી થોડી વારે પોતે આખો લપસ્યો. જેમ જેમ કેન્ડી ઓગળતી જાય એમ એમ જાય લસરતો... જાય લસરતો... પછી તો પગ ખૂંચ્યા, માથું ખૂંચ્યું ને કાનમાં ને મોમાં ને આંખમાં કેન્ડીનો રસ જાવા લાગ્યો.

કીકુભાઇ બરાબરના ફસાયા. જેમ જેમ બહાર નીકળવા પ્રયત્નો કરે એમ એમ વધારે ને વધારે ફસાતા જાય ! હવે શું કરવું ? ઘણીવાર પછી કેન્ડી સાવ ઓગળી ને તેમાંથી કીકુભાઇ બહાર આવ્યા. દોડીને દર બાજુ જવા જાય પણ દોડી શકે નહીં. આખું શરીર ચીકણું... ચીકણું !!

માંડ માંડ દર આવ્યું. અંદર ગયો ને માને કહે, મા... મા... મને જલદી નવડાવ. મા કહે, કેમ ? પછી તો કીકુએ બધી વાત કરી. પછી કહે,

મા... હવે ભલે ગમે તેટલી ગરમી પડે,

કેન્ડી હું ખાઇશ નહીં ને ઠંડો ઠંડો થાઇશ નહીં.

આ સાંભળીને કીકુની મા હસવા લાગી ને પોતાના વહાલા કીકુને લાડ કરવા લાગી.

## થોડીવાત વડીલો સાથે...

### બાળકની હઠ

તમારા બાળકની હઠ જોઇને જયારે જયારે તમને તેના ઉપર ક્રોધ કરવાની વૃત્તિ થાય ત્યારે વિચાર કરજો કે બાળકમાં જે હઠ દેખાય છે તે તેની પોતાની નથી પણ તમારી પોતાની હઠ તેમાં પ્રતિબિંબ રૂપે દેખાય છે અને તેથી તેની હઠ જોઇને તેના ઉપર ક્રોધ ન કરો, તમારા પોતાના મન ઉપર ક્રોધ નાખજો, અને તેમાં પ્રગટેલા ક્રોધને કાઢી નાખજો, તેને સ્થાને શાંતિ, અને પ્રેમના વિચાર કરજો.

**- છોટાલાલ જીવણલાલ (સૌજન્ય : ભાવિક પરિષદ)**

## એક વિચાર :

પ્રત્યેક મનુષ્યને બે રીતે શિક્ષણ મળે છે. પ્રથમ તે અન્યો પાસેથી પ્રાપ્ત કરે છે, બીજું તે જે સ્વાનુભવથી પ્રાપ્ત કરે છે. - **ગિબન**

## બાલગીત

### ઝરણું

અલક મલકથી આવ્યું ઝરણું,
ગીતો ગાતું આવ્યું ઝરણું
ડુંગર ભેદી આવ્યું ઝરણું
કલકલ વહેતું આવ્યું ઝરણું
મીઠું પાણી લાવ્યું ઝરણું,
નદી થવાની હોંશે ઝરણું
દોટ મૂકીને દોડયું ઝરણું
અલક મલકથી આવ્યું ઝરણું
સૌજન્ય : ભાવિક પરિષદ

**- હરિવંદન જોશી**

### એક કબૂતર તારે

એક કબૂતર તારે કરવું રોજ ઘૂ ઘૂ ઘૂ,
એક છાનોમાનો તને જોયા કરું હું,
બે કબૂતર તારી આંખો, ઝલક ઝલક થાય
બે આંખો મારી જો ને, મલક મલક થાય
ત્રણ ડગલાં તું કબૂતર માંડે ધીરે ધીરે,
ત્રણ કુદકા મારું હું જઇ નદીના કિનારે
ચાર કબૂતર તારા પીછાં મેં કર્યા છે ભેળાં,
ચાર મહિના ઠંડી લાગે ત્યારે તને દેવા.
પાંચ કબૂતર તારા ભેરુ લઇને આવ ચણવા,
પાંચ ભેરુ મારા તો બેસી ગયા છે ભણવા.

**- ડો. ભારતીબેન જી. બોરડ**
**સૌજન્ય : ઝૂમખડાં રે ઝૂમખડાં**

## જોડકણાં

### વીજળી

ચમક વીજળી ચમક વીજળી,
વાદળ ગરજે ચમક વીજળી
ચોમાસાની છડી વીજળી,
મગનમાં ખૂબ લડી વીજળી !

### પતંગ

ચાર ખૂણા ચાર બાજુ પતંગ
ઉતરાયણમાં તો ચગે પતંગ
પવન સંગે ઉઠે પતંગ
બાળકો આનંદમાં ડૂબે પતંગ

### દરિયો

ખારો ખારો ઉસ દરિયો
ભરતી ઓટે જુદો દરિયો
વહાણો ને હીંચોળે દરિયો
હીરા મોતીની ખાણ દરિયો.

### તારા

આકાશમાં ચમકે છે તારા
ચમકતા ટમટમતા તારા
લાગે પ્યારા ન્યારા તારા
ચાંદામામાની સાથે તારા

**- રત્નાકર નાંગર**
**સૌજન્ય : મનગમતા જોડકણાં**

## હસી લઇએ...

શિક્ષિકા : મનિયા, તું ભૂગોળના પાઠ કેમ પાકા કરતો નથી ?

મનિયો : બહેન, મારા બાપા કહેતા હતા કે દુનિયાની ભૂગોળ હમણાં રોજરોજ બદલાતી રહે છે. એટલે મેં નક્કી કર્યું છે કે એ બદલાઇ રહે પછી આખરી ભૂગોળ જ ભણવી.
(સૌજન્ય : સહજ બાલ આનંદ)

# ગજજર સખી વૃંદ અને પ્રિયદર્શીની ગ્રુપ દ્વારા એક દીવસીય વર્કશોપ યોજાયો

ગજજર સખી વૃંદ અને પ્રિયદર્શીનગ્રુપ દ્વારા તા. ૩૦-૦૫-૨૦૧૯ને ગુરુવારના રોજ શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે એક દીવસીય વર્કશોપનું આયોજન કરેલ.

આ વર્કશોપમાં મુખ્યત્વે માટીના ગણપતિ બનાવવા માટે બહેનોમાં ઉત્સાહ હતો. બહેનો, યુવતીઓ અને બાળકો બધાએ સુંદર મજાના ગણપતિ બનાવ્યા.

આ માટીના ગણપતિ શીખવવા માટે આદરણીય બહેનશ્રી શીલાબેન રાઠોડ એ ફ્રીમાં સેવા આપી હતી. બહુજ સરળ રીતે બધાને આવડે તેમ માટીના ગણપતિ શીખવ્યા હતાં. તેઓ ખાસ પર્યાવરણની જાળવણી થાય અને ઘરમાં સારી ઉર્જા ફેલાય એવી શુભ ભાવનાથી રાજકોટમાં ઘણી બધી જગ્યાએ આવા વર્કશોપ કરે છે.

ત્યારબાદ કુકીંગમાં સ્પેશ્યલ કેક શીખવવામાં આવી. જેમાં વેનિલા કપ કેક અને ચોકલેટ ચેક શીખવવામાં આવી. દિપાબેન વડગામાએ બહુ જ સરળ રીતે અને શાંતિથી કેક શીખવી હતી. બાળકોને કેક ખાવાની મજા પડી ગઇ હતી.

ગણપતિ અને કેક શીખ્યા બાદ રમતગમત માટે બહેનોનો ઉત્સાહ કંઇક ઓર જ હતો. રમત-ગમત રમાડવા માટે પરિમલ જયંતીભાઇ તલસાણિયા અને શ્વેતાબેન નીલેશભાઇ ગોવિંદીયાએ પોતાનો કિંમતી સમય સખીવૃંદ માટે ફાળવ્યો હતો. કુલ દસ ગ્રુપ પાડ્યા હતા. એક ગ્રુપમાં પાંચ વ્યક્તિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. રમતમાં મુખ્યત્વે સુડોકુ, ભુલભુલામણી રસ્તો શોધો, અભિનેતા-અભિનેત્રીની તસવીર શોધવાની પણ બે ચહેરા તસવીર એક એવી ગેમ હતી. સાથે સાથે થોડી દોડા દોડાવાળી. ફુગ્ગા ફુલાવીને તેજ ફુગ્ગાની માથે બેસીને ફોડી નાખવાનો. મોઢામાં પાણી ભરીને ઘુંટડાથી બોટલ ભરવી આવી અન્ય ગેમ રમાડી બહેનો, બાળકો અને યુવતીને બધાને રમતમાં બહુ મજા પડી. ગ્રુપ પ્રમાણે દરેક ગેમનાં માર્કસનું સ્કોરીંગ કરીને નંબર આપવામાં આવ્યા. જેમાં નંબર વન મેળવ્યો (૧) ઉર્મીબેન ખંભાયતા (૨) મંજુલાબેન સંચાણિયા (૩) યર્થાથ સાંગાણી (૪) ભાવિકા કરગથરા (૫) કાવ્યા સાંકળેચા.

બીજો નંબર (૧) પ્રજ્ઞાબેન પિલોજપરા (૨) રાધિકા તલસાણિયા (૩) દિપ્તીબેન અખીયાણીયા (૪) નીતાબેન સાંકળેચા (૫) પરિતા આહલપરા

ત્રીજા નંબરે (૧) આરતીબેન તલસાણિયા (૨) વર્ષાબેન રાણપરીયા (૩) મીનાબેન વડગામા (૪) દિપા વડગામા (૫) પ્રાર્થનાબેન આહલપરા

બધા વિનરોને ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જયોત્સનાબેન તલસાણિયા, ઇલાબેન ગોવિંદીયા, વર્ષાબેન રાણપરીયા, આરતીબેન તલસાણિયા, લતાબેન પિલોજપરા, ડોલીબેન તલસાણિયા, વર્ષાબેન ગજજર, શોભનાબેન ધ્રાંગધરિયા, કિરણબેન મહિધરીયા, દિવ્યાબેન ખંભાયતા, મીનાબેન વડગામા, ઉર્મીબેન ખંભાયતા, પ્રજ્ઞાબેન પિલોજપરા અને માલતીબેન મેસવાણિયાએ જહેમત ઉઠાવી હતી.

અધ્યક્ષ ઉત્પલાબેન જાદવાણી અને પ્રમુખ રશ્મીબેન ખંભાયતા વિદેશ પ્રવાસમાં હોવા છતાં વોટસએપના માધ્યમથી સાથે જ હતા. આમ વર્કશોપ ખુબ જ સરસ અને સફળ રહયો.

**- વર્ષાબેન રાણપરીયા.**


# સુજોક એકયુપ્રેશર સેન્ટર

- મણકાનો દુઃખાવો
- ગાદી ખસી જવી
- સ્ત્રીરોગ(ગાયનેક)
- કાકડા
- સાયટીકા
- પેરેલીસીસ
- ફ્રોઝન સોલ્ડર
- અનિદ્રા
- બી.પી.
- ડાયાબીટીસ
- કોરોનરી હાર્ટ ડીસીઝ

સહિતના અસાધ્ય રોગની એકમાત્ર અસરકારક સારવાર...

**રાજકોટ : ભકિતબેન યુ. પીલોજપરા** (સુજોક એકયુપ્રેસરીસ્ટ)
સમય : સાંજે ૫.૦૦ થી ૮.૦૦(દર બુધવારે રજા)
'મનિષ', ૩-રામનગર, ગોંડલ રોડ, રાજકોટ. મો. ૯૯૯૮૧ ૧૯૭૭૬

**જામનગર : મેઘા ભાવિન પંચાસરા** (સુજોક એકયુપ્રેસરીસ્ટ),
મો. ૯૪૨૬૯ ૯૫૦૮૫

**અમદાવાદ : વિશાખા વિશાલ ગજજર** (સુજોક એકયુપ્રેસરીસ્ટ),
મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪



## જીવનસાથી શોધવાનું બનશે હવે આસાન

## ટૂંક સમયમાં શરૂ થાય છે...

વિશ્વકર્મા વિશ્વ પ્રેરિત

# સહજીવન

## મેરેજ બ્યુરો

સુતાર-(મેવાડા-ગજજર-પંચોલી-વૈશ્ય) પાંચાલ (લુહાર), સોની,
કંસારા સહિતના વિશ્વકર્મા પરિવાર માટે...

વધુ વિગત હવે પછી...


# શ્રદ્ધાંજલી



**સ્વ. જયાબેન**
**નાગજીભાઈ વલસાડીયા**

જન્મ તા. ૦૫-૦૯-૧૯૨૪
સ્વ. તા. ૦૪-૦૭-૨૦૧૭
(પીઠડીયા, તા. જેતપુર)

આજ તા.૦૪.૦૭.૨૦૧૯ આપની વસમી વિદાયને ૨ વર્ષ પુરા થતાં આપને યાદ કરતા અમારી આંખો અશ્રુભીની થાય છે. આપનો પ્રેમ અને લાગણી સભર સ્વભાવ તેમજ હુંફ ક્યારેય ભુલી ન શકાય .

મારા મોટા બહેન ઇન્દુબહેન ના કહેવા મુજબ હું (લતા) જ્યારે દોઢેક વર્ષની ઉંમરની હતી ત્યારે મારા પિતાશ્રી સ્વ.નાગજીભાઈ ગોરધનભાઈ વલસાડીયાનુ ટુંકી માંદગી બાદ તા.૨૬.૦૭.૧૯૫૨ના રોજ દુઃખદ અવસાન થતાં આપનું જીવન ખુબજ સંઘર્ષ ભર્યુ થયેલ કારણ મારાથી મોટાં ચાર બહેનો સહિત કુલ પાંચ દીકરીઓ સહીત કુટુંબની બધી જવાબદારીઓ આપના ઉપર આવેલી.

તે સમયે આપે હિમ્મત ન હારતા પીઠડીયા દરબાર તેમજ રાણી સાહેબની સલાહ મુજબ ધોરણ ૫ થી ૭ અધુરો અભ્યાસ પુર્ણ કરી શાળાંત પરીક્ષા પાસ કરી સિનીયર પીટીસી અભ્યાસ પૂરો કરી પાસ થયે આપને તા.૧૭.૦૬.૧૯૫૭ ના રોજ સરકારી પ્રાથમિક શાળા ધોરાજીમા શિક્ષિકા તરીકે નોકરી મળતાં ત્યાં સ્થાયી થયા બાદ પાંચેય દીકરીઓને ભણાવી ગણાવી લગ્ન પ્રસંગો પૂર્ણ કરેલ હતાં.

જેમાં હું (લતા) સૌથી નાની દીકરીને પણ સીનીયર પીટીસી સુધી અભ્યાસ કરાવતા મને પણ શિક્ષિકા તરીકે સર્વિસ મળી ગયેલ જે માટે હું આપની સદા માટે ઋણી રહીશ. આજે હું પણ નિવૃત થઈ ધોરાજીમા મારા પતિ કાંતિલાલ ગોરધનભાઇ કરગથરા (Ret.BSNL) અને પરિવાર સાથે નિવૃત જીવન ગાળું છું.

આપ એક સ્ત્રી હોવા છતાં હિમ્મત હાર્યા વગર સંઘર્ષમય જીવન જીવી બધી જવાબદારીઓ પૂર્ણ રીતે નિભાવી દીકરીઓને ક્યારેય પિતાની ખોટ વર્તાવા દીધી ન હતી. આપના ઉપરોક્ત સંઘર્ષમય જીવનમાંથી પ્રેરણા લઈ ખુદ ઉદાહરણ બનીએ એજ સાચી શ્રદ્ધાંજલિ કહેવાશે.

દ્વિતીય પુણ્ય તિથિ નિમિતે અમારા પરિવારના દરેક સભ્યોના આપના ચરણોમાં કોટી કોટી વંદન. આપના આત્માને શાંતિ અને સદગતિ પ્રાપ્તિ માટે ઈશ્વરને પ્રાર્થના...

ૐ... શાંતિ... ૐ...

---

**ધોરાજીથી લતાબેન કાંતિલાલ કરગથરા તેમજ પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ**

VISHWAKARMA VISHWA (Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month

# ॥ શ્રદ્ધાંજલી ॥



## સ્વ. વિજય નરેન્દ્રભાઈ વડગામા

(સ્વ. તા. ૩-૭-૨૦૧૯, બુધવાર)

આપે પુરૂષાર્થમય જીવનમાં વાત્સલ્ય ભાવે સૌને સ્નેહ અને સુખ સમર્પિત કર્યું, આપની શિતળ છાયા અમે ગુમાવી છે, પરંતુ આપનો સંસ્કારી વારસો અમારા માટે પ્રેરકબળ, આશીર્વાદરૂપ બની રહેશે. આપના દિવ્ય આત્માને કોટી કોટી વંદન...

**ગં.સ્વ. વિજયાબેન બચુભાઈ વિરમગામા**

**નિલેશ બચુભાઈ વિરમગામા** — **હિના વિજયભાઈ વડગામા**

**પ્રકાશ બચુભાઈ વિરમગામા** — **વિધી વિજયભાઈ વડગામા**

**જય નિલેશભાઈ વિરમગામા** — **વિશ્વા વિજયભાઈ વડગામા**

**વિરમગામા પરિવારના જયશ્રી કૃષ્ણ**

**વિરમગામા એન્જિ. વર્કસ**
(રાજકોટ)

AVISHKAR
ARCHITECT
INTERIOR DESIGNER
(JALGAON)